શ્રીવલ્લભવિઠ્ઠલ ગ્રંથપ્રકાશન મંડળ ટ્રસ્ટ

વડોદરા, દ્વારા પ્રકાશિત પુસ્તકો

(૧) **શ્રીમદ્ ભગવદ્ગીતા ભકિતયોગ**
“પ્રમીલા વ્યાખ્યા સહિત (ગુજરાતી)
લેખક : પૂ. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદય-વડોદરા.
મૂલ્ય રૂ. ૧૫=૦૦

(૨) **જગદ્ગુરૂ શ્રીવલ્લભાચાર્યજી**
શ્રીમહાપ્રભુજીના મતે
પ્રસ્થાન ચતુષ્ટય (ગુજરાતી)
લેખક : પૂ. ગો. શ્રીચન્દ્રગોપાલજી મહોદય-વડોદરા.
મૂલ્ય રૂ. ૧=૫૦

(૩) **બ્રહ્મસંબંધ અથવા આત્મનિવેદન** (ગુજરાતી)
પ્રવકતા પૂ. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદય-વડોદરા
મૂલ્ય રૂ. ૧=૦૦

ઉપર જણાવેલા પુસ્તકો આ પુસ્તકના છેલ્લા પેજ પર જણાવેલ ચારે જગ્યાએથી મળી શકશે.

બ્રહ્મ સંબન્ધ પ્રાપ્ત અથવા લેવાની ઇચ્છા રાખતા
પ્રત્યેક વૈષ્ણવોએ જાણવા યોગ્ય ખૂબજ સુંદર અને
સમજી શકાય તેવી ભાષામાં

બ્રહ્મસંબન્ધ અથવા આત્મનિવેદન

: પ્રવકતા :
પૂ. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદય
વડોદરા

શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રંથપ્રકાશન મંડળ ટ્રસ્ટ-વડોદરા.

પ્રકાશક :– (તથા પુસ્તકપ્રાપ્તિ સ્થાન)
શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રંથપ્રકાશન મંડળ ટ્રસ્ટ – વડોદરા.
"રાધાકૃષ્ણ કુંજ" મરીમાતાનો ખાંચો,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

પ્રથમ સંસ્કરણ– પ્રત–૧૦૦૦

પ્રત–૨૦૦૦
વિ. સં. ૨૦૪૧
મુલ્ય–રૂ. ૧=૦૦
દ્વિતીય સંસ્કરણ

(૧૦૦૦ શ્રી વ. વિ. ગ્રં. પ્ર. મંડળ ટ્રસ્ટ
વડોદરા દ્વારા પ્રકાશિત
૧૦૦૦ પૂ. ગો. શ્રીપ્રભુજી મહોદય દ્વારા)

મુદ્રક :
શ્રી વલ્લભ પ્રિન્ટર્સ
"શ્રી રાધાકૃષ્ણ કુંજ" મરીમાતાનો ખાંચો,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧
ફોન – ૫૫૦૦૫૯

પૂ. પા. ગોસ્વામી શ્રીચન્દ્રગોપાલજી મહોદય–વડોદરા.



પ્રાકટ્ય : વિ. સં. ૨૦૦૦ ભાદરવા વદ–૪ તા. ૫-૯-૧૯૪૪ (સુરત)

શ્રીબાવાશ્રીનું સરનામુ
'શ્રીરાધાકૃષ્ણકુંજ'
મરીમાતાનો ખાંચો, રાજમહેલ રોડ;
વડોદરા.–૩૯૦ ૦૦૧. **ફોન** : ૫૫૦૦૫૯

શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રંથપ્રકાશન મંડળ ટ્રસ્ટ

(રજી. નં. ઈ–૩૫૪૮/વડોદરા)
(ઇન્કમટેક્સ મુક્તિ નં. BRD/SIB/104–10–V/84–85)

કાર્યાલય : C/o. **ગોસ્વામી શ્રી ચન્દ્રગોપાલજી**
"રાધાકૃષ્ણ કુંજ" મરીમાતાનો ખાંચો, રાજમહેલ રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૧. ફોન : ૫૫૦૦૫૯.

જગદ્‌ગુરૂ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણનાં જગતને અતિશય ઉપયોગી અને માનવ માત્ર માટે પરમ ઉપકારક એવા દિવ્ય સિદ્ધાંતોનો વિશ્વના સર્વક્ષેત્રીય જનોમાં પ્રચાર–પ્રસાર કરવાના હેતુથી પૂ. ગોસ્વામી શ્રી ચંદ્રગોપાલજી મહોદયે (વડોદરા) સંવત ૨૦૪૧ના માગશર વદ–૯ શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુચરણના પ્રાકટ્ય ઉત્સવને દિવસે 'શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રંથપ્રકાશન મંડળ' ટ્રસ્ટની સ્થાપના કરી. આ ટ્રસ્ટ સ્થાપવા પાછળનો તેઓશ્રીનો મુખ્ય હેતુ એજ છે કે આ સંસ્થા દ્વારા શ્રી આચાર્યચરણ તથા શ્રી પ્રભુચરણના ગ્રંથોનું તેમજ તેના ઉપર શ્રી વલ્લભવંશજ ગોસ્વામીચરણો દ્વારા અને વિદ્વાનો દ્વારા લખાયેલી ટીકાઓનું તથા તેના વિવિધ ભાષાઓમાં ભાષાન્તરનું પ્રકાશન કરી શકાય.

આ ટ્રસ્ટને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટના અન્વયે ટ્રસ્ટ કચેરીમાં "ઈ–૩૫૪૮/વડોદરા" થી નોંધવામાં આવેલું છે. તેમજ આને ઇન્કમટેક્સ મુક્તિ નં. BRD/SIB/104–10–V/84–85 થી મળેલ છે. આ ટ્રસ્ટના સંચાલન માટે હાલ કુલ સાત ટ્રસ્ટીઓ છે જે નીચે મુજબ છે.

(૧) અધ્યક્ષ – પૂ. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદય, વડોદરા.
(૨) ઉપપ્રમુખ – પૂ. અ. સૌ. શ્રીવ્રજલતાવહુજી, વડોદરા.
(૩) મંત્રી – શ્રી કૃષ્ણકાંત કે. શાહ, વડોદરા.

(૪) કોષાધ્યક્ષ – શ્રી જીતેન્દ્ર એમ. વજીર, મુંબઈ.
(૫) ટ્રસ્ટી – પૂ. અ. સૌ. શ્રી નિકુંજલતાબેટીજી, મુંબઈ.
(૬) ટ્રસ્ટી – પૂ. ગો. શ્રી યોગેશકુમારજી, વડોદરા.
(૭) ટ્રસ્ટી – શ્રીભૂપેન્દ્રભાઇ બી. ધાબળીયા, રાજકોટ (૩ વર્ષ માટે)

આ ઉપરાંત પણ થોડા સમયમાં બીજા અલગ અલગ શહેરોમાંથી વિદ્વાનો તથા આગેવાનોમાંથી ટ્રસ્ટી તરીકેનો ઉમેરો કરવામાં આવશે, જેથી ટ્રસ્ટના હેતુઓને અનુલક્ષી વધુ સારી રીતે અને ઝડપથી આગળની સત્પ્રવૃત્તિઓનો વિકાસ સાધી શકાય.

હાલ તુરત ટ્રસ્ટ પાસે પ્રકાશનાર્થે આ પુસ્તક ઉપરાંત બીજા કુલ ૧૦ પુસ્તકો તૈયાર છે જે નીચે મુજબ છે.

(૧) **ટિપ્પણી** : આ ગ્રન્થ શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધના ૨થી ૫, એ રીતે કુલ–૪ અધ્યાયોની શ્રીસુબોધિની ઉપરની સંસ્કૃત ટીકા છે. ટીકાનું લખાણ ખૂબજ સુંદર વિવેચનપૂર્વકનું અને વિદ્વત્તાભર્યું છે. લેખકનું નામ જાણી શકાતું નથી પણ આની હસ્તપ્રત પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજી પાસે બિરાજે છે. અને પુસ્તક ઉપર "આ પુસ્તક લાલૂ ભટ્ટનું છે" એમ સંસ્કૃતમાં લખેલું છે. તેથી એવો અંદાજ થાય છે કે કદાચ તેઓનું જ લખાણ હોય. આ ટીકા આ પહેલાં કયારેય છપાઈ નથી.

(૨) **પ્રકાશ ટિપ્પણ** : આ ગ્રંથ દશદિગંતવિજયી ગો. શ્રી પુરૂષોત્તમજી મહારાજે (સુરત) પોતાની પાછલી વયમાં ગોકુળમાં બિરાજતા હતા ત્યારે શ્રી સુબોધિની (રાસ પંચાધ્યાયી તથા ભ્રમરગીતાધ્યાય) ઉપરના પોતાના દ્વારા લખાયેલ પ્રકાશમાં કેટલીક જરૂરી પંકિતઓ અને શબ્દોનો વધારો કર્યો તે ટિપ્પણ છે. આ ગ્રંથની પણ અસલ શ્રી પુરૂષોત્તમજીના હસ્તાક્ષરવાળી હસ્તપ્રત ગો. શ્રી ચંદ્રગોપાલજી પાસે બિરાજે છે.

(૩) **ગીતાર્થસંગ્રહ** : શ્રીમદ્ભગવદ્ગીતા સંબંધી શ્રી આચાર્યચરણ–શ્રીપ્રભુચરણ–સાતબાળકો–શ્રી પુરૂષોત્તમજી–શ્રીહરિરાયજી વગેરેના ગ્રંથોમાંથી જ્યાં જ્યાંથી પણ ઉદ્ધરણો કે લખાણ પ્રાપ્ત થયું તે સર્વનો આમાં સંગ્રહ કરવામાં આવેલો છે કે જેથી ગીતાનો શુદ્ધાદ્વૈતમતસંમત અર્થ ગ્રહણ કરવામાં ખૂબજ અનુકૂળ થઈ પડે. લગભગ ૫૦૦થી વધારે પૃષ્ઠનો આ ગ્રંથનો સર્વ સંગ્રહ ગો. શ્રી ચંદ્રગોપાલજીએ ખૂબજ શ્રમપૂર્વક તૈયાર કરેલો છે.

(૪) **શ્રીમદ્ભગવદ્ગીતા–"પ્રમીલા"–વ્યાખ્યા** : આ ગ્રંથ શ્રી આચાર્યચરણના મતસમ્મત અને ઉપર જણાવેલા ગીતાર્થસંગ્રહના આધાર પર પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજી દ્વારા લખાયેલી ગીતા ઉપરની ટીકા છે જે હાલ અમારી પાસે ગીતા અધ્યાય–૧–૨–૩–૪–૭–૮–૧૦–૧૧–૧૨–૧૩ તૈયાર છે. બીજા અધ્યાયો પર લખવાનું કાર્ય હાલ ચાલુ છે. આ ટીકા સંસ્કૃતમાં લખાયેલી છે અને તેનું ગુજરાતીમાં ભાષાંતર પણ પૂ. શ્રી ચંદ્રગોપાલજી દ્વારા જ કરવામાં આવેલું છે. જે પૈકીનોજ ૧૨મો અધ્યાય ભકિતયોગ (ગુર્જરાનુવાદ) સર્વ પ્રથમ અમે પ્રકાશિત કરી ચૂકયા છીએ.

(૫) **વિવેકધૈર્યાશ્રય–શ્રીવ્રજરાજરંજિની વ્યાખ્યા સહિત** : આ વ્યાખ્યા ગુજરાતીમાં લખાયેલી છે. અને તે વિવેકધૈર્યાશ્રય ગ્રંથની ટીકા રૂપે પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજી દ્વારા લખાયેલી છે.

(૬) **બ્રહ્મસંબંધ** : આ પુસ્તક 'બ્રહ્મસંબંધ મંત્રનો અર્થ અને બ્રહ્મસંબંધ અંગેના કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નોનું સમાધાન આપનારું છે. ખૂબજ સુંદર શૈલીમાં વિવેચનાત્મક રીતે પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજીએ લખેલું છે. અને આ પુસ્તક બ્રહ્મસંબંધપ્રાપ્ત વૈષ્ણવ અને બ્રહ્મસંબંધ લેવાની ઇચ્છા રાખનારાઓ માટે ખૂબજ ઉપયોગી સિદ્ધ થઇ શકે છે.

(૭) **શ્રી વલ્લભ વચનામૃતસંગ્રહ** : આ પુસ્તિકા રૂપે છે અને આમાં શ્રી આચાર્યચરણોના વિવિધ ગ્રંથોમાંથી વૈષ્ણવોને

પોતાના જીવનમાં આચરવાના કર્તવ્યો માટેની શ્રી આચાર્યવાણીનો સંગ્રહ કરવામાં આવેલો છે. તેમજ તે કર્તવ્ય સંબંધી વાક્યોમાંથી પણ પ્રાથમિક વગેરે ક્રમથી તેને ગોઠવવાનો પ્રયાસ કરવામાં આવેલો છે. જેથી શ્રી આચાર્યચરણના ચીંધેલા માર્ગે જીવનને આગળ લઈ જવાની ઇચ્છા રાખતા વૈષ્ણવોને આરંભથી લઈ ઉત્તમ કક્ષા પર્યન્તમાં ઉપયોગી નિવડી શકે. આ પુસ્તિકામાં મૂળ શ્લોકો સંસ્કૃતમાં ટાંકેલા છે અને તેના પર નીચે ટૂંકું વિવેચન કરવામાં આવેલું છે. આ પુસ્તિકા પણ પૂ. ગો. શ્રી ચન્દ્રગોપાલજી દ્વારા તૈયાર કરવામાં આવેલી છે.

(૮) **સેવાફલ** : ષોડશગ્રન્થ પૈકી છેલ્લો ગ્રન્થ 'સેવાફલ' (વિવરણ સહિત) ઉપરની શ્રી હરિરાયજીની, શ્રી પુરુષોત્તમજીની તથા શ્રી લાલૂ ભટ્ટજીની ટીકાઓ સહિત બધીંજ ટીકાઓનો ઇંગ્લિશમાં અનુવાદ છે. આ અનુવાદ વડોદરાના ઓરિએન્ટલ ઇંસ્ટિટયૂટમાં સેવા આપી રહેલા વિદ્વાન્ ડૉ. શ્રી મધુસૂદનભાઇ પાઠક દ્વારા કરવામાં આવેલો છે.

(૯) **જીવ-જીવન ઔર જીવકી બદ્ધ-મુક્તતા ભાગવતમેં** : આ પુસ્તક હિન્દી ભાષામાં છે. અને પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજી દ્વારા લખાયેલું છે. શ્રીમદ્ ભાગવતમાં ખૂબજ ઉંડાણથી અભ્યાસ પૂર્વક જીવાત્મા વિષયની આમાં ચર્ચા કરવામાં આવેલી છે. આનું લખાણ "ભારતીય જ્ઞાનપ્રચારિણી સભા" ટ્રસ્ટના સૌજન્યથી અમને પ્રાપ્ત થયેલું છે.

(૧૦) **સૂરભાવધારા** : આ પુસ્તક હિન્દી ભાષામાં છે અને તે વડોદરાના એમ. એસ. યુનિવર્સિટી, આર્ટ્સ ફેકલ્ટીમાં હિન્દી વિભાગના રીડર ડૉ. શ્રી રમણલાલ ન. તલાટી દ્વારા લખાયેલું છે.

આમ આ દસ પુસ્તકો પૈકી જેમ-જેમ અનુકૂળતા થતી જશે તેમ-તેમ અમે તેનું પ્રકાશન કરતા જઈશું. તેમ છતાં પણ ૧૯૮૬ના અન્ત સુધીમાં આ બધાનું જ પ્રકાશન કાર્ય પતી જાય તેવો અમારો નમ્ર પ્રયાસ રહેશે.

આ પુસ્તકના પ્રકાશનના પૂર્વ અમારા ટ્રસ્ટ દ્વારા બીજા બે પુસ્તકોનું પ્રકાશન થઈ ચૂક્યું છે (૧) "શ્રીમદ્ ભગવદ્ગીતા ભક્તિયોગ" પ્રમીલા વ્યાખ્યા સહિત તથા (૨) શ્રી વલ્લભાચાર્યજીના મતે "પ્રસ્થાન ચતુષ્ટય" આ બન્નેના લેખક. પૂ. ગો. શ્રી ચન્દ્રગોપાલજી છે.

આ પુસ્તકોના પ્રકાશનની અર્થ વ્યવસ્થાના વિષયમાં જો કોઇ વૈષ્ણવોને શ્રી આચાર્યચરણોના વાઙ્મય સ્વરૂપની સેવાની ઇચ્છા થાય તો જો તેઓ ઇચ્છે તો કોઈ એક ગ્રંથનો સંપૂર્ણ યા અડધો ખર્ચ આપીને સેવા કરી શકે છે. તેવી સેવા કરનારાઓનો અગર તેઓ જણાવે તેનો પુસ્તકમાં એક ફોટો છાપી શકાશે. આ બાબતમાં રસ ધરાવતા લોકોએ પહેલા પૃષ્ઠ પર જણાવેલા ટ્રસ્ટના સરનામે સંપર્ક કરવો.

આ ઉપરાંત એક અંગ્રેજી ભાષામાં માસિકપત્ર આરંભ કરવાનું ટ્રસ્ટે નક્કી કરેલું છે. જેનું નામ Acharya Shri Vallabha રહેશે. અને તે ૨૫×૩૮ સેં.મી. સાઇઝમાં કુલ ૬ પૃષ્ઠનું હશે. તેમજ બધાંને પોષાય તે રીતે વાર્ષિકલવાજમ પોસ્ટેજ સહિત રૂા. ૫/= રહેશે. આને માટે જે તે સરકારી કચેરીમાં અરજી કરવામાં આવેલી છે. અને સરકાર તરફથી પરમિશન પ્રાપ્ત થયે તુરન્ત આરંભ કરવામાં આવશે. આનું સમ્પાદનનું કાર્ય પૂ. ગો. શ્રી ચન્દ્રગોપાલજીએ સ્વીકારેલું છે.

સર્વ વૈષ્ણવજનોને અમારી હાર્દિક વિનંતી છે કે જેની જેવી શકિત અને ઇચ્છા પ્રમાણે ટ્રસ્ટના આ પ્રકાશન કાર્ય માટે દાનનો પ્રવાહ વહેતો કરે જેથી અમે સારી રીતે અને સસ્તામાં જલ્દીથી સર્વ સાહિત્ય સર્વ વૈષ્ણવો સુધી પહોંચતું કરી શકીએ.

વિ. સં. ૨૦૪૧ — નિવેદક
અધિક અષાઢ શુકલ-૭ — કૃષ્ણકાન્ત કે. શાહ
તા. ૨૪-૭-૧૯૮૫ — માનદમંત્રી,
શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રન્થપ્રકાશન મંડળ ટ્રસ્ટ,
વડોદરા.

ગદ્યમંત્ર (શ્રી ગુરૂદેવના હસ્તે લખાવવો)

....બ્રહ્મંબસંધનો ભાવાર્થ....

ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી ભગવાનની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપ-ક્લેશનો આનંદ થવો જોઇએ તે જેને તિરોધાન થયો છે એવો હું જીવ, ભગવાન કૃષ્ણ શ્રી ગોપીજનવલ્લભ ને દેહ, ઇંદ્રિય, પ્રાણ, અન્તઃકરણ તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આ લોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરૂં છું. હું દાસ છું; 'હે કૃષ્ણ ! હું તમારો છું.'

બ્રહ્મસંબંધ
અથવા
આત્મનિવેદન

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद् भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥
(સિદ્ધાન્તરહસ્ય)

અનંતકાળથી દૈવી જીવો સ્વામી શ્રીકૃષ્ણને ભૂલી ચૂક્યા છે. તેમને ફરીથી સ્વસ્વરૂપજ્ઞાનપૂર્વક ભગવત્સ્વરૂપનું જ્ઞાન સ્ફુરાવવા માટે, તેમજ તેમના સાંસારિક મોહને દૂર કરીને, ભગવાનના ચરણોમાં અનન્ય અનુરાગ સ્થાપિત થાય તે માટે આત્મસમર્પણાત્મિકા શરણાગતિ સાથે તેમને ભગવાનની સેવાનો અધિકાર આપવો એ બ્રહ્મસંબંધનો પ્રધાન ઉદ્દેશ્ય છે.

જેને માટે આપણા મનમાં મમતાની પ્રગાઢ ગ્રન્થિઓ બંધાયેલી છે, તેના શરીરનાં મૂળભૂત મહાભૂતાદિ તત્ત્વોનો અંતઃકરણપ્રધાન અહંકારમાં નિરોધ કરી, અહંકારનો આત્માસહિત પ્રભુચરણમાં સમર્પણાત્મક નિરોધ કરવો એ બ્રહ્મસંબંધની વાસ્તવિક ચરિતાર્થતા છે. ભગવત્પ્રાપ્તિનાં બે માર્ગો : એક જ્ઞાનયોગ અને બીજો ભક્તિયોગ. યોગ એટલે **युज्यते अनेनेतियोगः** । જ્ઞાનના પ્રકારમાં, જે પ્રમાણે સૃષ્ટિનો આરંભ થયો તેમાં મહત્ત્વથી આરંભ થઇ પૃથ્વીતત્ત્વ સુધીની રચના જે ક્રમે થઈ તેના જ વિરુદ્ધ ક્રમે પુનઃ એક તત્ત્વનું બીજા તત્ત્વમાં વિલિનીકરણ કરતાં કરતાં અંતમાં અહંકારને (વૈકારિક-તૈજસ-તામસને) મહત્તત્ત્વમાં વિલિન કરી દેવું કે જે દ્વારા વિશુદ્ધ સત્ત્વની પ્રાપ્તિ થાય છે, આ એક લય યોગ પદ્ધતિ બતાવવામાં આવેલી છે. તેજ પ્રમાણે શ્રી વલ્લભાચાર્યજીને મતે અભિષ્ટ ભક્તિયોગ છે. એમાં ભગવદ્ભક્તિ દ્વારા અથવા "**चेतस्तत्प्रवणं सेवा**" (સિદ્ધાન્તમુક્તાવલી) એ સેવા દ્વારા મનને ભગવત્સેવાનું વ્યસની બનાવી મનની પરમ વ્યસનદશા દ્વારા ઇન્દ્રિયોની દુષ્ટ બહિર્મુખી મનોવૃત્તિઓ પર વિજય મેળવી અન્તઃસ્થ પ્રેષ્ઠ પ્રભુ પ્રતિ ઇન્દ્રિયમનોવૃત્તિઓને અન્તર્મુખી કરી તે પ્રક્રિયા દ્વારા પોતાનાં શરીરનાં અણુ-અણુનું પારવર્તન કરી તનુનવત્વ પ્રાપ્ત કરી તે ભગવદ્દીય ભગવદ્યોગ્ય નવીન તનુને

ભગવદ્રસાત્મકતાથી આપ્લાવિત કરી ભગવદાનન્દનાં પરમાનુભવમાં પોતાનો સર્વસ્વનો લય કરી દેવો–આ ભક્તિમાર્ગીય શ્રી વલ્લભાચાર્યજીને અભિષ્ટ એવી પ્રક્રિયા છે, જેનાં બીજસંસ્કાર રૂપે બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવે છે. પ્રત્યેક દૈવી જીવનાં વિશાળ માનસ સમુદ્રમાં ભાવાત્મક–વિરહાત્મક સ્વરૂપે ભગવત્તત્ત્વ છે જ પણ તે તિરોભૂત અર્થાત્ ઢંકાયેલું અથવા તો શયનાવસ્થામાં છે. પણ જેમ લૌકિકમાં નેગેટીવ–પોઝીટીવ એમ બે પ્રકારનાં તારને કારણે જ પ્રકાશ પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે શિષ્યના મનની પ્રસુપ્ત ભાવનાઓને જ્યારે ગુરૂની પૂર્ણ પ્રકાશવાળી બલિષ્ઠ ભાવનાઓનો સંયોગ પ્રાપ્ત થાય છે ત્યારે શિષ્યમાનસ અલૌકિક પ્રકાશથી પ્રકાશિત થઈ અન્તઃસ્થ પ્રભુનું નિરીક્ષણ કરવા સમર્થ બને છે. બ્રહ્મસંબંધ લેતાં કે આપતાં યદિ તે સમયે શિષ્યના મનની ધારણાશક્તિ બલિષ્ઠ અને તીવ્ર હોય અને ગુરૂની પ્રસ્થાપનશક્તિ બલિષ્ઠ, તીવ્ર, પવિત્ર, નિર્મળ, વિષયાસક્તિરહિત પૂર્ણ ભગવદ્ભાવયુક્ત હોય તો ભગવદાવિર્ભાવના સંબંધમાં કોઈ સંદેહનું કારણ રહેતું નથી, એમ હું માનું છું.

ગુરુનાં હૃદયનો જે પ્રકારનો ભાવ હોય છે તેનો નિશ્ચિતપણે શિષ્યના મન પર વત્તા ઓછા અંશે પ્રભાવ પડે જ છે. માટે જ શ્રી આચાર્યશ્રીએ નિબંધમાં આજ્ઞા કરી કે :–**कृष्णसेवा परं वीक्ष्य.** યદ્યપિ જે કથા શ્રી શુકદેવજીએ કરી અને પરીક્ષિતે સાંભળી તેજ કથા તેવા જ પ્રકારથી સૂતે કરી અને શૌનકાદિએ સાંભળી; પણ ઉપદેષ્ટા અને ઉપદેશ્યના મનની ભાવનાની ગુરુતા–લઘુતાના આધાર પર અધિકારાનુસાર તેમને તેવા જ ફળની પ્રાપ્તિ થઈ. જેમ કહેવત છે કે “ડાહી સાસરે જાય નહીં અને ગાંડીને શિખામણ દે” એ ન્યાયે યદિ સ્વયં ગુરુ વિષયાસક્ત બની શિષ્ય પાસે વિશુદ્ધ સત્ય ઉપદેશ કરે તો પણ તે ઉપદેશ અન્તશ્ચૈતન્યરહિત મૃતશરીરવત્ હોવાથી શિષ્યના મનને સંતોષી શકતો નથી. માટે જ આપણા સમ્પ્રદાયમાં ગુરુત્વેન અથવા આચાર્યત્વેન શ્રીમહાપ્રભુજીનો એક માત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એટલા માટે આપણા સમ્પ્રદાયની ભાવનાનુસાર બ્રહ્મસંબંધ મંત્રોપદેષ્ટા મૂળ ગુરુ શ્રીમહાપ્રભુજી જ છે.

બ્રહ્મસંબંધ એટલે જીવાત્માનો પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત થવો તે. પૂરતા પ્રચારના અભાવે બ્રહ્મસંબંધ વિષે આજે લોકોમાં અનેક ભ્રામક માન્યતાઓ પ્રસરી રહી છે, અને એક રીતે જોઇએ તો આ સ્વાભાવિક પણ છે. બ્રહ્મસંબંધ વિષે આપણે ગંભીરતાપૂર્વક વિચાર કરીએ તો, બ્રહ્મસંબંધ એટલે શું ? બ્રહ્મસંબંધ લેવાની શી આવશ્યક્તા છે ? બ્રહ્મસંબંધની પ્રથા તો પાંચસો વર્ષ જૂની છે, તો એના પહેલાં શુ હતું ? વગેરે પ્રશ્નો આપણી સમક્ષ ઉપસ્થિત થશે. બ્રહ્મસંબંધ એટલે શું ? આ પ્રશ્નનો ઉત્તર તો અમે ઉપર આપી ચૂક્યા છીએ કે જીવાત્માનો પરમાત્માની સાથે સંબંધ સ્થાપિત કરવો તે. બ્રહ્મસંબંધ એટલે આત્મસમર્પણાત્મિકા શરણાગતિ. સંસારના દરેકે દરેક પદાર્થમાંથી પોતાની અધિકાર ભાવનાનો ત્યાગ કરીને, સંસારના સર્વ સ્થાનોમાં, સર્વ વસ્તુઓમાં ભગવાનના અધિકારને માનવો એટલે કે ‘હું આ બધી વસ્તુઓનો માલિક નથી પણ હું તો ભગવાનનો એક અકિંચન દાસ છું, કે અંશ છું, પ્રભુ જ મારા સ્વામી છે’–અંતઃકરણમાં આ જાતની ભાવના ઉત્પન્ન થવી એ જ બ્રહ્મસંબંધ છે. માયાના સમસ્ત બંધનોથી મુક્ત થઇને પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણના સેવકરૂપ બંધનને યોગ્ય માનવું તે જ ખરેખર બ્રહ્મસંબંધની ચરિતાર્થતા છે. ભક્તના હૃદયમાં જ્યારે પરમાત્મા પ્રત્યે સહજરૂપમાં પ્રેમ અને ભક્તિનો આવિર્ભાવ થાય છે ત્યારે ભક્ત પોતાના અંતઃ સૂક્ષ્મરૂપેણ વ્યાપ્ત બ્રહ્મને પણ પોતાના પ્રેમપાશમાં સારી રીતે આબદ્ધ કરી લે છે.

બ્રહ્મસંબંધના સ્થાને તેના પર્યાય રૂપે અલૌકિક લગ્ન શબ્દનો પ્રયોગ કરીએ તો પણ અનુચિત નહીં; કેમકે જેમ લૌકિક લગ્નમાં વર અને કન્યાને સાંસારિક સૂત્રમાં અનુસ્યૂત કરવામાં આવે છે તેમજ બ્રહ્મસંબંધમાં પણ જીવાત્મા અને પરમાત્મા બન્નેને એક જ સ્નેહના તાંતણે બાંધી દેવામાં આવે છે. આજકાલની લગ્નપ્રથાની સ્થૂલ પ્રક્રિયા એવી હોય છે કે સૌ પહેલાં વરકન્યા પરસ્પર એકબીજાના ચિત્રો જુએ છે, અને બન્ને એકબીજાને પસંદ કરી લે છે. ત્યારપછી લગ્નતિથિ નિશ્ચિત કરીને બ્રાહ્મણને બોલાવે છે, ગ્રહશાંતિ વગેરે વિધિઓની શરૂઆત થાય છે, અને છેવટે વર જ્યારે લગ્નમંડપમાં પહોંચે છે ત્યારે મધુપર્કની વિધિ પછી કન્યાદાન કરવામાં આવે છે. કન્યાદાનની વિધિના અંતે પિતા ઉપદેશ આપે છે અને કન્યાને સદાને માટે પતિને સોંપી દે છે. આ પ્રમાણે બ્રહ્મસંબંધમાં પણ સૌ પહેલાં જીવાત્માનું ચિત્ર ભગવાનની પાસે લઈ જઈને બતાવવામાં આવે છે અને કહેવામાં આવે છે કે હે પ્રભુ! જે જીવાત્માને તમે શરણમાં લેવાના છો તે આવો છે. પહેલાં જ ગુણ વગુણો જાણી લેવાં

જોઈએ, જેથી પાછળથી કોઈ વાંધો ન આવે. પહેલાં જે કંઈ કહેવાનું હોય તે છુટથી કહેવાય, પણ પછી કંઈ થઈ શકશે નહીં; એટલા માટે જ શ્રીમદ્ આચાર્યશ્રીએ જીવાત્માનું ચિત્ર પરમાત્માની સામે રજૂ કરતાં કહ્યું છે કે ભગવન્! જીવ આવો છે; શું આપશ્રી એવા જીવને સ્વીકારશો? જીવ કેવો છે, તે વિષે આચાર્યશ્રી કહે છે :–“ **सहस्रपरिवत्सर** ” અર્થાત્ અસંખ્ય વર્ષોથી આપનાથી જુદો પડેલ. આપના વિયોગથી ઉત્પન્ન થનાર વિરહાનંદ જેમાંથી લુપ્ત થઈ ગયો છે એવો. જ્યારે ભગવાને જીવાત્માનો સ્વીકાર કરવાની સ્વીકૃતિ આપી દીધી ત્યારે ભગવાનના ચિત્રને જીવાત્માને બતાવવામાં આવે છે અને તેને કહેવામાં આવે છે કે તું જે પરમાત્માને શરણે જવા ઈચ્છે છે, અથવા તું જેને સર્વસ્વ સમર્પિત કરવાની ઈચ્છા રાખે છે, અથવા તો તું જેનો સેવક થવા ચાહે છે, તે પરમાત્મા આવા છે; તું બરાબર જોઈ લે. કન્યા યોગ્ય વરને પસંદ કરતાં પહેલાં સર્વ રીતે વિચાર કરે છે. શ્રીમદ્ભાગવત દશમસ્કંધના ઉત્તરાર્ધમાં રુક્મિણીહરણપ્રસંગમાં રુક્મિણીજીના શ્રીમુખથી એ જ વિષય પર કેવી રીતે કહેવડાવવામાં આવ્યું છે, તે જોઈએ:

का त्वा मुकुन्द महती कुलशीलरूप-
विद्यावयोद्रविणधामभिरात्मतुल्यम् ।
धीरा पतिं कुलवती न वृणीत कन्या
काले नृसिंह नरलोकमनोऽभिरामम् ॥
(ભાગવત ૧૦. ૫૨. ૩૮)

એટલે કે કુલ–શીલ વિદ્યા, વય વગેરે સર્વપ્રકારથી વિચાર કરીને કન્યા વરનું વરણ કરે છે. કેમ કે જે વ્યક્તિને કન્યા પોતાનું જીવનપુષ્પ સમર્પે છે તે વ્યક્તિમાં તે પુષ્પની શોભાભિવૃદ્ધિ કરવા જેટલી તો યોગ્યતા જોઈએ જ. જે વ્યક્તિઓ મર્કટ સ્વભાવની હોય છે, તેમના હાથમાં કન્યા પોતાના જીવનપુષ્પને કદાપિ મૂકતી નથી. પુષ્પ ગમે તેટલું સુંદર કેમ ન હોય પણ વાંદરાના હાથમાં જતાં જ તેની દરેકે દરેક પાંખડી છિન્ન–વિછિન્ન થઈ જશે. એટલા માટે જીવનપુષ્પ સમર્થ શક્તિશાળી વિદ્વાન પુરુષોને જ સોપવામાં આવે છે. કેમ કે સમર્થ વ્યક્તિઓ જ પોતાના જ્ઞાન અને શક્તિ વડે તે નવીન પુષ્પને દિવ્ય પ્રકાશ અર્પીને પરમોચ્ચસ્થાને પહોંચાડી દેશે. આ રીતે જીવાત્માએ પણ આ જાણી લેવુ જોઈએ કે જેમની શરણે અમે જવાના છીએ તે પરમાત્મા અમારા જેવા

દુષ્ટોને મુક્ત કરવામાં સમર્થ થશે કે નહિ. જ્યાં સુધી પરમાત્માની શક્તિમાં અમારો આટલો વિશ્વાસ દૃઢ થતો નથી ત્યાં સુધી અમારી ભક્તિ પણ પૂરેપૂરી સફળ કહેવાય નહીં. ભગવાને ગીતામાં પણ આમ જ કહ્યું છે:

“ **श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः** ” (ભ. ગી.)

શ્રદ્ધાના અભાવે ભક્તિ સિદ્ધ થઈ શકતી નથી. એથી શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે સૌ પહેલાં ભગવાનનું ચિત્ર જીવાત્માની સામે મૂકવામાં આવે છે અને ત્રણ શબ્દો વડે ભગવત્ સ્વરૂપનું જ્ઞાન કરાવવામાં આવે છે:–

“ **भगवते कृष्णाय, श्रीगोपीजनवल्लभाय** ”

જ્યારે બન્ને મળીને સ્વીકૃતિ આપી દીધી ત્યારે લગ્નનો દિવસ નક્કી કરવામાં આવ્યો અને ગ્રહશાંતિ પ્રારંભ થઈ. ગ્રહશાંતિમાં વેદમંત્રો દ્વારા અગ્નિમાં સ્વાહા સ્વાહા ઉચ્ચારણ કરતાં આહુતિઓ આપવામાં આવી અને તે પછી પૂર્ણાહુતિમાં સઘૃત શ્રીફળનો હોમ કરીને ગ્રહશાંતિની વિધિ પતાવી. એ પ્રમાણે અહીં પણ જે વસ્તુઓને જીવ અજ્ઞાનવશ પોતાની માની બેસે છે, તે વસ્તુઓને ભગવચ્ચરણોમાં સમર્પણરૂપ આહુતિ અર્પવામાં આવે છે કે—

‘देहेन्द्रिय॰. दाराऽऽगार॰ आत्मना सह समर्पयामि ।

“ **वित्तेहापराणि** ” અહીં સુધી તો બીજી આહુતિઓ અપાઈ અને છેવટે ‘ **आत्मना सह समर्पयामि** ’ આ વચન દ્વારા શ્રીફળ લઈને ગ્રહશાંતિની પૂર્ણાહુતિ કરવામાં આવી. ત્યારબાદ મુહૂર્ત સમયે મધુપર્ક પછી કન્યાદાન કરવામાં આવે છે. તેમાં કન્યા પતિના સ્વામિત્વનો સ્વીકાર કરે છે. આ પ્રમાણે અહીં પણ કહેવામાં આવ્યું છે કે ‘ **दासोऽहम्** ’– હે કૃષ્ણ, હું તારો દાસ છું. ભક્ત કવિ દયારામજી પણ એ જ કહે છે કે—

‘ આપ સ્વામી સદા હું દાસ રે,
એ નાતો રે નિભાવો રે.’

એટલે કે હે પ્રભુ! હવે હું આજ પછી ધનપતિ, કુળપતિ, વિદ્યાપતિ કે સત્તાધીશ રહ્યો નથી. સર્વ રીતે આપ જ સ્વામી છો અને આ બધું આપનું જ છે. આ રીતે બ્રહ્મસંબંધ દ્વારા જીવાત્મા અને પરમાત્માની વચ્ચે અલૌકિક લગ્ન સિદ્ધ થાય છે.

સંક્ષેપમાં કહીએ તો બ્રહ્મસંબંધ એટલે કે અહંતામમતાત્મક અજ્ઞાનને દૂર ખસેડીને પ્રભુ સાથે સંબંધ સ્થાપિત કરવો. સાંસારિકોના સ્થાને માત્ર પ્રભુને જ પોતાના ગણવા. "પ્રભુ મારા છે, હું પ્રભુનો છું;" એવી ભાવનાનું બીજ હૃદયમાં સ્થાપિત કરવું તેને બ્રહ્મસંબંધ કહે છે. આમ આ પહેલા પ્રશ્નનો જવાબ અહીં પૂરો થઈ જાય છે.

પુષ્ટિસંપ્રદાયમાં એવી માન્યતા ચાલતી આવી છે કે બ્રહ્મસંબંધ વગર રસાત્મક પરમાત્મા શ્રીકૃષ્ણની પ્રાપ્તિ શકય નથી. જો કે ભ્રમર-કમળની જેમ આત્મા-પરમાત્માનો સંબંધ પ્રથમથી છે જ. તો પણ જ્યાં સુધી રાત્રિને લીધે કમળકોષ બીડાયેલું રહે છે ત્યાં સુધી તેમાં ભ્રમર પ્રવિષ્ટ થઈ શકતો નથી. એના માટે જેમ સૂર્યના તડકાની આવશ્યકતા છે તેમ દૈવી જીવનું હૃદય કમળ જેવું જ છે; જ્યાં સુધી ભક્ત-હૃદયકમળના સૂર્યસમ આપણા શ્રીમહાપ્રભુજીની અનુકંપાથી વિરહતાપ ઉદિત થતો નથી ત્યાં સુધી હૃદયકમળ પણ અજ્ઞાનરૂપી અંધકારને લીધે બીડાયેલું રહે છે, પણ કૃષ્ણવિરહતાપ હૃદય-ભાવ-કમળ ઉપર પડતાં જ તે હૃદય-ભાવ-કમળ વિકાસ પામે છે અને તેમાં ભ્રમરરૂપ રસાત્મક પૂર્ણ પુરુષોત્તમનો આવિર્ભાવ થાય છે.

આથી એટલું તો સ્પષ્ટ થાય જ છે કે જીવ દૈવી હોવા છતાં એ જ્યાં સુધી સ્વસ્વરૂપ અને ભગવત્ સ્વરૂપને ઓળખી શકતો નથી ત્યાં સુધી તેને ભગવદ્ભાવની પ્રાપ્તિ થતી નથી. ભગવદ્ભાવની પ્રાપ્તિ માટે સૌ પ્રથમ અજ્ઞાનનાશ તેમજ ભગવત્સ્વરૂપ-જ્ઞાનની અતિ આવશ્યકતા ગણાય છે. બ્રહ્મસંબંધ આપણને ભગવત્સ્વરૂપનું જ્ઞાન અથવા ભગવદ્રૂપમાધુર્યદાયિની રસાત્મિકા, વાત્સલ્ય, માધુર્યભાવભાવાત્મિકા, તનુ, વિત્ત, માનસી પ્રકારાન્વિતા સેવાનો અધિકાર આપે છે; જેથી કરીને જીવને પ્રભુમાં પોતાના તદીયત્વનું જ્ઞાન થાય છે અને તે પછી જીવના મનમાં ભગવદ્વિરહરૂપ તાપની ઉત્પત્તિ થાય છે. અત્યારે આપણી સ્થિતિ સર્વથા તાપ રહિત છે. પ્રભુવિયોગજન્ય તાપનો આપણી પાસે પૂરેપૂરો અભાવ છે. કેમકે હું કોણ છું? ક્યાંથી આવું છું? મારી શી ફરજ છે? અને મારે ક્યાં જવું છે? એમ આ ચારે વાતોને આપણે ભૂલી ચૂકયા છીએ. માયિક પ્રભાવને લીધે જ ભગવદંશ જીવ પોતાની જાતને અજ્ઞાનવશ

થઇને માતા-પિતા, ભાઇ-બહેન અથવા શેઠ માની બેસે છે. તે આ વાત ભૂલી ગયો છે કે પ્રભુ અંશી છે અને હું અંશ છું; પ્રભુ સ્વામી છે અને હું દાસ છું; હું ફક્ત તદીય છું, પ્રભુ મદીય છે. આ બધું જ્ઞાન શ્રીમદ્ આચાર્યચરણની કૃપાથી, ભાવનાપુરઃસર રસાત્મિકા સેવાથી જ થાય છે. કિંતુ સેવામાં ગતિ પણ ત્યારે જ ગણાય કે જ્યારે તેનો અધિકાર પ્રાપ્ત થાય. અને ભગવત્સેવાનો અધિકાર ફક્ત સેવકને જ મળે છે. શેઠ થઇને પ્રભુની પાસે જશો તો સેવા મળશે નહિ. રાજાના દરબારમાં શેઠ-શાહુકાર પણ જાય અને સેવક પણ જાય છે. પરંતુ સેવા ફક્ત સેવકને જ અપાય છે; બીજા બધાં પોત-પોતાના આસનો પર જ બેસી રહે છે. જે ધનવાન છે, વિદ્વાન છે, જે ઉચ્ચ કુલોત્પન્ન, કુળવાન ગુણવાન છે, તેમનું સ્થાન રાજ્ય દરબારમાં આસનો પર છે. પરંતુ જે પોતાની જાતને સેવક જ ગણે છે તેમનું સ્થાન ચરણોમાં છે. તેની ફરજ સેવા છે. તેનું કામ આજ્ઞાપાલન છે. એવી સ્થિતિમાં પોતે જ સેવક જો ચરણના સ્થાને આસનની આશા સેવે, સેવા અને આજ્ઞાપાલનના સ્થાને સ્વામી થઇ જવાનો પ્રયત્ન કરે, પ્રભુ સત્તામાં પથરાએલ સર્વ પદાર્થો પર પોતાની સત્તા ઠોકી બેસાડવાનો પ્રયાસ કરે, તો શું આ સેવકધર્મથી ઉલટું નથી? શું આ સેવકધર્મનો મહાન અપરાધ નથી? આવો હજારો વર્ષ સુધી અપરાધ કરતાં કરતાં આપણે અપરાધના ગુરુતર ભારથી એટલા બધા દબાઇ ગયા છીએ કે પ્રભુની પાસે જઇને ક્ષમાપ્રાર્થના કરવા જેટલાં સામર્થ્ય અને શક્તિ પણ આપણી પાસે રહ્યાં નથી. જેમ લોકવ્યવહારમાં પિતાનો પુત્ર તરફથી કોઈ મોટો અપરાધ થઈ ગયો હોય તો પુત્ર ક્ષમાયાચના માટે માતાની પાસે જાય છે. માતાનો એ સહજ સ્વભાવ હોય છે કે પુત્ર ગમે તેવો હોય, ગમે તેટલા અપરાધો કરેલા હોય, પણ જ્યારે પુત્ર ભયભીત થઇને સાશ્રુવદને માતાની પાસે જાય છે ત્યારે કરુણાવશ માતા તેના સર્વ અપરાધો માફ કરી દે છે, અથવા પિતા (પોતાના પતિ) પાસેથી પુત્રના અપરાધો બદલ ક્ષમા અપાવે છે. આ પ્રમાણે જીવના અનેક અપરાધો હોવા છતાં એ જો પરમ કારુણિક શ્રીમદ્ વલ્લભાચાર્યચરણો દ્વારા ભગવત્-શરણાગતિ સ્વીકારે છે તો પ્રભુ પણ તેના સર્વ પ્રકારના અપરાધોને માફ કરી દે છે; જેમકે શ્રીમદ્ આચાર્યચરણોએ 'યમુનાષ્ટક'માં શ્રી યમુનાજીના સંબંધમાં કહ્યું છે: "**यमोऽपि भगिनीसुतान् कथमु हन्ति दुष्टानपि ।**" આ પ્રમાણે જ શ્રીમદ્ આચાર્યજી શ્રી સ્વામિની

સ્વરૂપાત્મક હોવાથી તેમના સેવકોને પ્રભુ શા માટે ક્ષમા કરે નહિ. શ્રીમદ્ આચાર્યશ્રી પોતે 'નવરત્ન' ગ્રંથમાં આજ્ઞા કરે છે:

> चिन्ता काऽपि न कार्या निवेदितात्मभिः कदापीति ।
> भगवानपि पुष्टिस्थः न करिष्यति लौकिकीं च गतिम् ।
> (નવરત્ન)

અર્થાત્-ભગવાન સ્વયં પુષ્ટિસ્થ (કૃપાળુ) હોવાથી શ્રીમદ્ આચાર્યચરણ વડે બ્રહ્મસંબંધિત જીવનો પ્રભુ ચોક્કસ સ્વીકાર કરે છે અને સ્વીકાર કર્યા પછી તેનો કદાપિ ત્યાગ કરતા નથી. કેમકે બ્રહ્મસંબંધ પછી જીવનો પ્રભુ સાથે સ્વામી-સેવક સંબંધ સ્થાપિત થઇ જાય છે. સેવકની ફરજ સ્વામીચરણોની સેવા કરવાની જ હોય છે, પણ કદાચ તે સેવામાં ગમે ત્યારે ચૂક પણ થાય તો સ્વામી તેને દંડિત કરે છે પણ તેનો ત્યાગ કરતા નથી, કેમકે સેવા થયા પછી તે તદીય થઇ જાય છે. આ પ્રમાણે ઉપર્યુક્ત વિવેચનથી સ્પષ્ટ થાય છે કે પુષ્ટિ માર્ગમાં પ્રવેશ કરવા માટે અને ભગવત્સેવા કરવા માટે બ્રહ્મસંબંધની ખૂબ જ આવાશ્યક્તા જણાય છે.

આત્મસમર્પણનું રહસ્ય

જીવ પ્રભુથી વિયુક્ત છે. તે ભગવદ્-અંશ હોવા છતાં, ભગવાનથી જુદો હોવાથી માયા વગેરેના પ્રભાવથી તે દેહાદિક સાથે સંબંધ થયેલ છે. તે ભૂલી ચૂક્યો છે કે 'હું ભગવદ્અંશ છું.' તે અજ્ઞાનવશ પોતાના જાતને સ્ત્રી કે પુરૂષ માની બેઠો છે. એવી હાલતમાં જીવને ફરી પ્રભુ પાસે પહોંચાડવાની શક્તિ એવા સમર્થ લોકોમાં જ છે કે જેઓ કાં તો પ્રભુના છે અથવા તત્સ્વરૂપ છે. એથી જ આપણા સંપ્રદાયમાં પ્રભુપ્રીત્યર્થના ઘણાં કાર્યો શ્રીમદ્ આચાર્યશ્રીના માધ્યમ વડે જ સંપન્ન થાય છે. ભગવત્ સેવામાં પણ એ જ ભાવના સન્નિહિત છે કેમકે જે અનુભવી છે તે જ અનુભવ કરાવી શકે છે. બધામાં આવું સામર્થ્ય હોતું નથી. આપણા સંપ્રદાયમાં બ્રહ્મસંબંધ કોઈ વિશેષ વ્યક્તિ આપતી નથી પણ સાક્ષાત્ આચાર્યશ્રી જ આપે છે. તેમના વતી જ પ્રભુ જીવને પુષ્ટિ સંપ્રદાયમાં અંગીકાર કરે છે અને પ્રભુ જીવની સેવાનો સ્વીકાર કરે છે. સંસાર વ્યવહારમાં લાગવગનું ભારે મહત્ત્વ ગણાય છે. ગમે તે મોટા માણસ પાસે જવું હોય તો ઓળખાણ જોઇએ. ઓળખનાર જ આપણને તેમની પાસે પહોંચાડશે નહીં તો આપણે બહાર જ રોકાઈ જઈશું. પ્રભુ પાસે પહોંચવા માટે શ્રીમદ્ આચાર્યચરણ કરતાં વધુ મોટી કોઇ ઓળખાણ હોઈ જ ન શકે.

આ સંબંધમાં "ચોર્યાસી વૈષ્ણવની વાર્તા"માં થાણેશ્વરવાળા રામાનન્દ પંડિતની એક બહુ જ સરસ કથા મળે છે.

એક વખત શ્રીમદ્ વલ્લભાચાર્યશ્રીએ પોતાના સેવકોની સાથે થાણેશ્વરમાં રામાનંદ પંડિતને ત્યાં મુકામ કર્યો. જ્યારે રાત્રિમાં સૌ નિદ્રાધીન થઈ ગયા ત્યારે રામાનન્દજીએ પત્નીને કહ્યું, 'આ બધું છાણ જલદી ઉઠાવી લો નહીં તો વૈષ્ણવો ચોરી જશે. હમણાં સવાર થતાં જ સૌ જાગશે અને છાણ લઈ લેશે માટે જરા ઉતાવળ કરો.' આ વાત આચાર્યશ્રીએ સાંભળી લીધી. આચાર્યશ્રીએ વિચાર કર્યો કે આ કેવો વિચિત્ર માણસ છે કે પ્રભુને અત્યંત પ્રિય એવા વૈષ્ણવોને પણ ચોર ગણે છે. પ્રભુનો કોઇ એકવાર અપરાધ કરે તો પ્રભુ તેના અપરાધ ક્ષમા કરી શકે તેમ છે પણ પોતાના પ્રિય વૈષ્ણવોનો કરેલો અપરાધ પ્રભુ કદાપિ ક્ષમા કરતા નથી. પ્રભુને વૈષ્ણવ ખૂબ જ વહાલા છે અને તેમને જ આ ચોર કહે છે એથી હું એના ઘરે વધારે રોકાઈ શકું નહીં. આમ નિશ્ચય કરીને રામાનન્દને પાસે બોલાવ્યો અને કહ્યું: 'તેં વૈષ્ણવોને ચોર કહીને ભક્ત તેમ જ ભગવાન બન્નેનો અપરાધ કર્યો છે. એથી હું તારા ઘેર તેમ જ તારા ગામમાં વધુ રોકાઈશ નહિ.' આમ કહીને પોતાના સેવકવર્ગની સાથે આચાર્યશ્રી અન્યત્ર પધારી ગયા. ગુરુ રુષ્ટ થયા તેથી રામાનન્દ ભારે દુઃખી થયા. ગુરુએ તેમનો ત્યાગ કર્યો છે તે વેદના તેમના માટે અસહ્ય થઈ પડી. જો ગોવિંદ રુષ્ટ થઈ જાય તો ગુરુ ગમે તે રીતે પ્રસન્ન કરી લેશે પણ ગુરુ જ પોતે રુષ્ટ થઈ ગયા તો તેમને કોણ પ્રસન્ન કરી શકશે? આ અસહ્ય વેદનાથી તેમની પ્રગલ્ભ અવસ્થા થઇ ગઈ. ધીમે ધીમે બધું જતું રહ્યું પણ ભગવત્ કૃપાથી આટલું રહ્યું કે અસમર્પિત વસ્તુ તેમણે કદી વાપરી નહીં.

એક દિવસ બજારમાં સુંદર રસપૂર્ણ જલેબી જોઇને ખરીદી અને હાથ ઉંચા કરીને કહ્યું, 'શ્રીનાથજી બાવા, આરોગો.' એ જ વખતે શ્રી આચાર્યજીએ શ્રીજીને રાજભોગ ધરાવ્યો. શ્રીજી બાવાના હાથમાં જલેબી જોઇને આચાર્યજીએ શ્રીજીને પૂછયું કે 'બાવા, આજે રાજભોગમાં તો આ સામગ્રી ધરી નથી, પછી આપશ્રીના શ્રીહસ્તમાં આ જલેબી ક્યાંથી?' શ્રીજીએ આજ્ઞા કરી કે, 'તમે જે રામાનંદ પંડિતનો ત્યાગ કર્યો છે તે રામાનંદ પંડિતે આ ભોગ ધર્યો છે.' ત્યારે ફરી આચાર્યશ્રીએ પ્રશ્ન કર્યો

કે, 'જેનો હું ત્યાગ કરૂં તેનો આપશ્રી કેવી રીતે સ્વીકાર કરી શકો છો?' ત્યારે શ્રીજીએ પોતાનાં વચનોની યાદ અપાવતાં કહ્યું કે, 'શ્રાવણ માસની શુકલા એકાદશીની મધ્યરાત્રે મેં તમને વચન આપ્યું છે કે આ બ્રહ્મસંબંધ મંત્ર વડે તમે જે જીવને મને સોંપશો તેનો હું કદાપિ ત્યાગ કરીશ નહિ. હવે તમે જ કહો કે હું રામાનન્દને કેવી રીતે છોડી શકું?' શ્રીજીના મુખથી આ વાત સાંભળીને શ્રીમદ્ આચાર્યચરણોને અતીવ આનંદ થયો. આ ઉદાહરણથી બ્રહ્મસંબંધની સાર્થકતા પુરેપુરી સિદ્ધ થાય છે. બ્રહ્મસંબંધ લેવાની શી જરૂર? એ પ્રશ્નનું સમાધાન અહિં પૂરું થાય છે.

હવે ત્રીજો પ્રશ્ન આપણી સમક્ષ એ ઉપસ્થિત થાય છે કે બ્રહ્મસંબંધને તો ૫૦૦ વર્ષ જ થયા છે તો તે પહેલાં એનું ક્યાં અસ્તિત્વ હતું? અને આ તો ફક્ત માનસિક કલ્પના જ છે!

પણ આ સાચું નથી. છેલ્લાં ૫૦૦ વર્ષથી જ નહીં પણ વેદકાળથી બ્રહ્મસંબંધનું પ્રતિપાદન થયેલ છે. બ્રહ્મસંબંધ એટલે આત્મસમર્પણ અથવા આત્માની શરણાગતિ અને એવી શરણાગતિ વેદ, ઉપનિષદ્, રામાયણ, શ્રીમદ્ભાગવત, શ્રીમદ્ભગવદ્ગીતા વગેરે દરેક શાસ્ત્રમાં જોવા મળે છે.

શ્રીમદ્ભાગવતના સપ્તમ સ્કંધમાં પ્રહ્લાદજી કહે છે:–

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥

(ભાગવત૦ ૭. ૫. ૨૩)

આ શ્લોકમાં છેલ્લે 'આત્મનિવેદન' શબ્દ છે, તે બ્રહ્મસંબંધનોજ પ્રતિપાદક છે. જ્યાં સુધી આત્મસમર્પણ કરવામાં આવતું નથી ત્યાં સુધી ભક્તિ પૂર્ણ કહેવાતી નથી. અષ્ટમ સ્કન્ધમાં એ જ આત્મનિવેદન આપણને ચરિત્રકથા વિભાગમાં મળે છે. જ્યારે દાનવપતિ બલિ રાજા વચન પૂર્ણ કરવામાં અશક્તિમાન થયો ત્યારે પ્રભુની આજ્ઞાથી તેને વરુણ પાશમાં બાંધવામાં આવ્યો; ત્યારે તેની પત્ની વિન્ધ્યાવલિ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે:

"**क्रीडार्थमात्मन इदम्**……" (ભાગવત૦ ૮. ૨૨. ૨૪)

હે ભગવન્! આ બધું આપનું જ છે. અમારું કંઈ નથી. અમે જે અમારું માની બેઠા છીએ તે ખરેખર અમારું અજ્ઞાન જ કહેવાય. તાત્પર્ય એ છે કે બલિરાજાના મનમાં આ ભાવ આવ્યો કે મેં જે પરિશ્રમપૂર્વક આ બધું પ્રાપ્ત કર્યું છે તે મેં આપી દીધું છે. હવે ફક્ત હું જ બાકી બચ્યો છું. ખરેખર તારું શું હતું કે તું ભગવાનને આપે. દાન તો તે જ લોકો આપે છે કે જેમની પાસે આપવા માટે કંઈક હોય. આપણી પાસે તો જે આપણે છીએ, આપણો આત્મા છે તે પણ વાસ્તવમાં પ્રભુનો જ છે. વિન્ધ્યાવલિના કથનનું સમર્થન પણ પ્રહ્લાદજીના નીચેના વચનથી થાય છે:

त्वयैव दत्तं पदमैन्द्रमूर्जितं
हृतं तदेवाद्य तथैव शोभनम् ।
मन्ये महानस्य कृतो ह्यनुग्रहो
विभ्रंशितो यच्छ्रिय आत्ममोहनात् ॥

(ભાગવત૦ ૮. ૨૨. ૧૬)

ભગવન્! આ સર્વ વસ્તુઓ તમે જ અમને આપી છે. અને આજે ફરી તમે ભ્રમિત થયેલા અમારી પાસેથી લઇને એક રીતે અમારું કલ્યાણ જ કર્યું છે. અમે તો એમ જ માનીએ છીએ કે આપશ્રીએ અમારા ઉપર કૃપા જ કરી કહેવાય. એ સિદ્ધાંતને અંગીકાર કરતાં બલિ રાજા પણ ભગાવાનને કહે છે કે:

यद्युत्तमश्लोक भवान् ममेरितं वचो व्यलीकं सुरवर्य मन्यते ।
करोम्यृतं तन्न भवेद् प्रलम्भनं पदं तृतीयं कुरु शीर्ष्णि मे निजम् ॥

(ભાગવત૦ ૮. ૨૨. ૨)

ભગવન્! જેને હું મારા અધિકારની વસ્તુ માનતો હતો તે સર્વ વસ્તુઓ તમે લઇ જ લીધી છે. હવે કોઈ વસ્તુ દેખાતી નથી, જેને હું મારી કહી શકું. છતાં એક વસ્તુ છે ખરી જેના પ્રતિ હજી મારા અંતરમાં માયા છે, જેને હું અધિકારપૂર્વક મારી ગણું છું. તો પછી તેની ઉપર પણ શું કામ અધિકાર રાખીએ. હવે તો ભગવન્ તમે મને સંપૂર્ણ રીતે રક્ષણમાં લો. જેમ આપે મારા પિતામહના શિર પર હાથ મૂક્યો તેમ ત્રીજો પગ મારા શિર પર મૂકો. "**तृतीयं कुरु शीर्ष्णि मे निजम् ।**" એવી જ રીતે દુર્વાસાની સામે ભગવાન જાતે નવમસ્કન્ધમાં આત્મનિવેદન વિષે કહે છે:

ये दाराऽऽगारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥

(ભાગવત૦ ૯. ૪. ૬૫)

અર્થાત જેમણે મારા માટે પોતાના પુત્ર, સ્ત્રી, આત્મજન વગેરે સર્વનો પરિત્યાગ કરીને સૌને મારા ચરણોમાં સમર્પણ કરીને મારા શરણમાં આવ્યા છે તેમનો હું કેવી રીતે ત્યાગ કરી શકું ? એ જ આત્મસમર્પણનું શરણાગતિરૂપ બ્રહ્મસંબંધનું પ્રતિપાદન પ્રેમની ધ્વજા ગોપિકાઓ પણ પ્રભુની સામે આ પ્રમાણે કરે છે:

तन्नः प्रसीद वृजिनार्दन तेऽङ्घ्रिमूलं-
प्राप्ता विसृज्य वसतीस्त्वदुपासनाशाः।
त्वत्सुन्दरस्मितनिरीक्षणतीव्रकाम-
तप्तात्मनां पुरुषभूषण देहि दास्यम् ॥

(ભાગવત૦ ૧૦. ૨૯. ૩૮)

આ શ્લોકમાં '**पुरुषभूषण देहि दास्यम्**' વડે જે દાસ્યત્વની કામના પ્રકટ કરવામાં આવી છે તેમાં આત્મસમર્પણાત્મિકા શરણાગતિરૂપ બ્રહ્મસંબંધનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

વિભીષણની શરણાગતિ

શ્રીમદ્ ભાગવત, ગીતા અને ઉપનિષદોની જેમ રામાયણમાં પણ આત્મસમર્પણાત્મિકા શરણાગતિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. વિભીષણ જ્યારે રાવણને ત્યજીને ભગવાન શ્રી રામને શરણે જાય છે ત્યારે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે વિભીષણ શત્રુપક્ષનો છે અને રાવણનો ભાઈ છે. એવી સ્થિતિમાં તેના પર વિશ્વાસ કેવી રીતે મૂકવો ? એવું પણ હોય કે તે શત્રુપક્ષ તરફથી જાસૂસી કરવા માટે અહીં મોકલવામાં આવ્યો હોય ! બધા લોકો વિભીષણ વિષે આ જાતની ચર્ચા કરી જ રહ્યા હતા, એટલામાં ભગવાન શ્રીરામ ત્યાં આવ્યા અને દૃઢ સ્વરમાં સૌને કહ્યું કે :—

सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।

અહીં '**प्रपन्नाय**' અને '**तवास्मि**' આ બે શબ્દો આત્મશરણાગતરૂપ બ્રહ્મસંબંધનું પ્રતિપાદન કરે છે. આ સર્વ પ્રમાણોને જોતાં સિદ્ધ થાય છે કે બ્રહ્મસંબંધ કોઈ આકસ્મિક કલ્પના જ નથી પરન્તુ

એક એવી પરમ વાસ્તવિકતા છે જેને વેદાદિ શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન પ્રકારે વર્ણવામાં આવી છે. આ સાક્ષાત્ ભગવદ્ પ્રતિપાદિત જ છે. કહ્યું છે:

"**साक्षात् भगवता प्रोक्तं तदक्षरश उच्यते**"

(સિદ્ધાન્તરહસ્યમ્)

એટલે કે નિગમપ્રતિપાદ્ય, પૂર્ણ પરમાત્મા પરબ્રહ્મ ભગવાન્ શ્રીકૃષ્ણે દૈવી જીવો પર કૃપા કરીને, પ્રકટ થઇને જે કંઈ કહ્યું છે તે જ અક્ષરશઃ કહેવામાં આવ્યું છે એમાં લગીરે કોઈના મનની કલ્પના નથી. આ સર્વ સિદ્ધાંતો જોતાં લાગે છે કે બ્રહ્મસંબંધનું વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ વગેરે શાસ્ત્રોમાં સૂક્ષ્મ રૂપમાં નિરૂપણ થયેલું છે.

"શ્રી કૃષ્ણઃ શરણં મમ"નું રહસ્ય શું ?

બ્રહ્મસંબંધ લેતાં પહેલાં બ્રહ્મસંબંધ મંત્રોચ્ચારણ પૂર્વે ત્રણવાર '**श्रीकृष्णः शरणं मम**' આ અષ્ટાક્ષર મંત્રનું ઉચ્ચારણ કરવામાં આવે છે. આ વિષે પણ અહીં વિચાર કરીએ. પરમાત્મા પરબ્રહ્મ સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણનું સ્વરૂપ '**कृष्णात् परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम्**' આ શ્રીમદ્ આચાર્યશ્રીના કથન મુજબ, સર્વથા દોષમુક્ત છે. સંસારની બાકીની સર્વ વસ્તુઓ સદોષ છે તેમજ જીવ પણ અનેક પ્રકારના દોષો કરતો જ રહે છે. જ્યાં સુધી તે દોષોનું નિવારણ ન થાય ત્યાં સુધી નિર્દોષનો સદોષ સાથે સંબંધ કેવી રીતે સંભવી શકે? તો પછી એવી કઈ યુક્તિ છે કે જેથી કરીને જીવ સર્વથા દોષમુક્ત થઇને નિર્મળ થાય અને ભગવદ્યોગ્ય થઇને પ્રભુની પાસે પહોંચી શકે? એવો જ પ્રશ્ન એકવાર પરમ ભક્ત વિદુરજીના મનમાં ઉત્પન્ન થયો. તેમણે ભગવાનના અન્તરંગસખા ઉદ્ધવજીને પૂછ્યું કે, ઉદ્ધવ ! અમને બતાવો કે આ વિશ્વમાં એવો કોણ પુરુષ છે કે જેને શરણે જવાથી આધિ, વ્યાધિ અને ઉપાધિ સર્વ રીતે નાશ પામે છે. પ્રશ્નના ઉત્તરમાં ભગવાનના પરમ ભક્ત ઉદ્ધવજીએ કહ્યું કે :—

अहो बकीयं स्तनकालकूटं
जिघांसयापाययदप्यसाध्वी ।
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं
कं वा दयालुं शरणं व्रजेम ॥

(ભાગવત૦ ૩. ૨. ૨૩)

આ સમસ્ત વિશ્વમાં ફક્ત ભગવાન શ્રીકૃષ્ણ જ એવા છે કે જેઓ જીવના પાપ-પુણ્યનો વિચાર કર્યા વગર જ પોતાના શરણમાં આવેલ ભક્તનું કલ્યાણ કરવા માટે સદા તત્પર રહે છે. તેઓ '**प्रपन्नपारिजात**' છે. તેઓશ્રીએ જ ગીતામાં અનેક સ્થાનો પર અભયદાનથી સુસંબદ્ધ વચનોનું ઉચ્ચારણ કર્યું છે:

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥
(ભ. ગી. ૧૮. ૬૬)

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥
(ભ. ગી. ૭. ૧૪)

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥
(ભ. ગી. ૯. ૨૨)

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥
(ભ. ગી. ૯. ૩૨)

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यक् व्यवसितो हि सः ॥
(ભ. ગી. ૯. ૩.)

' પ્રભુશરણ ' સંજીવની

ગીતાના આ સર્વ ભગવદ્ વચનોને જોતાં સ્પષ્ટ થાય છે કે ભગવાન શ્રીકૃષ્ણ જીવને પોતાના શરણમાં લે છે અને તેનું ચોક્કસ કલ્યાણ કરે છે. જીવ ગમે તેવો અપરાધી કે પાપી હોય પણ ભગવાન શ્રીકૃષ્ણના શરણમાં જતાં જ તે 'साधुरेव स मन्तव्यः' સાધુ થઈ જાય છે. જેમ પ્રાચીન સમયમાં કોઈ અપરાધી કે કોઈ શત્રુ રાજાની શરણમાં પહોંચી જતો ત્યારે રાજા તેના દોષો માફ કરી દેતા હતા, તેમજ અપરાધી જીવ પણ જ્યારે ભગવાનના ચરણોમાં શરણ મેળવે છે ત્યારે પ્રભુ તેના સર્વ દોષો દૂર કરી દે છે. કેમકે દયા, કરુણા ને કૃપા—આ ત્રણે પ્રભુના સ્વાભાવિક ગુણો છે.

શ્રીકૃષ્ણ જ સર્વજીવોદ્ધારક છે

શ્રીમદ્ આચાર્યશ્રી એ જ વાતને ' કૃષ્ણાશ્રય ' નામક ગ્રન્થમાં નીચે પ્રમાણે પ્રકટ કરે છે :

अजामिलादिदोषाणां नाशकोऽनुभवे स्थितः ।
ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम ॥
(કૃષ્ણાશ્રયસ્તોત્ર)

ભગવન્ તમારી શરણે આવેલ અજામિલ જેવા મહા દુષ્ટોનું પણ કલ્યાણ થયું છે. તો પછી અમે તમારા શરણે આવીએ તો અમારું કલ્યાણ કેમ ન થાય? એટલે કે ચોક્કસ થશે જ. ' આવી શ્રદ્ધા સાથે, વિશ્વાસની સાથે અમે કહી શકીએ છીએ કે '**कृष्ण एव गतिर्मम**' આવા ક્લિષ્ટ કલિકાલમાં ફક્ત ભગવાન શ્રીકૃષ્ણ જ અમારી ગતિ છે, તેમના સિવાય બીજો કોઈ અમારો ઉદ્ધારક નથી. અમારા સર્વ દોષોનું નિરાકરણ કરીને જન્મમરણના ચક્રથી ભગવાન શ્રીકૃષ્ણ જ અમને મુક્તિ અપાવી શકે છે. ભગવાનની શરણાગતિનો સ્વીકાર કર્યા સિવાય આ કલિકાલમાં ભગવત્સ્વરૂપની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય દેખાતો નથી. ઉપનિષદમાં ભગવત્ શરણાગતિ વિષે આવો ઉપદેશ છેઃ

यो ब्रह्माणं विदधाति पूर्वम् । यो वै वेदाँश्च प्रहिणोति तस्मै ।
तं देवबुद्धिमात्मप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ।
(ઉપનિષદ્)

જે લોકો બ્રહ્મ-સંબંધ અંગીકાર કરવા ઇચ્છતા હોય તેઓ પાસેથી બ્રહ્મ-સંબંધ મંત્રના પૂર્વે ભગાવાનના શરણે જવાની ભાવનાથી અષ્ટાક્ષર મંત્રનું ત્રણ વાર ઉચ્ચારણ કરાવવામાં આવે છે. અષ્ટાક્ષર મંત્રના સંબંધમાં શ્રી મહાપ્રભુજી પોતાના ' नवरत्न ' ગ્રન્થમાં આજ્ઞા કરે છે :

तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ॥
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥
(નવરત્નમ્)

અષ્ટાક્ષર મંત્ર કલ્પવૃક્ષ છે

આ મંત્રનું નિત્ય નિરંતર ભગવત્-પ્રાપ્તિના અભિલાષી ભક્તે

ઉચ્ચારણ કરવું જોઈએ. આ મંત્ર એક રીતે કલ્પવૃક્ષ છે. ભક્તોની સર્વ મનોકામનાઓને પૂર્ણ કરનાર આ મંત્ર લૌકિક તેમજ અલૌકિક સર્વ પ્રકારની સિદ્ધિને આપનાર છે. કેમકે સર્વ પ્રકારની સિદ્ધિ ભગવચ્ચરણમાં જ નિવાસ કરે છે. સર્વ સિદ્ધિઓ ભગવાનને અધીન છે. જેના ઉપર ભગવાનની કૃપા થાય છે અને જે નિત્ય ભગવાનના ચરણોની શરણમાં રહે છે તેમના માટે આ સિદ્ધિ અપ્રાપ્ય નથી. અષ્ટાક્ષર મંત્ર તે શરણનો જ પ્રતિપાદક છે. શ્રી ગુસાંઈજી શ્રી પ્રભુચરણે જીવો પર કૃપા કરીને અષ્ટાક્ષર મંત્રનો અક્ષરાર્થ આ પ્રમાણે બતાવ્યો છે:—

(૧) '**શ્રી**'નું ઉચ્ચારણ કરીએ તો સર્વ સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે અને લૌકિક તેમજ અલૌકિક સંપત્તિની પ્રાપ્તિ થાય છે.

(૨) '**કૃ**'ના ઉચ્ચારણથી સર્વ પ્રકારના પાપોથી નિવૃત્તિ થાય છે.

(૩) '**ષ્ણઃ**'ના ઉચ્ચારણથી ત્રણે પ્રકારના તાપ દૂર થાય છે.

(૪) '**શ**'ના ઉચ્ચારણથી માણસને જન્મમૃત્યુના ચક્રથી મુક્તિ મળે છે.

(૫) '**ર**'ના ઉચ્ચારણથી ભગવાનની અલૌકિક લીલાનું તેમજ ગુરુચરણના સ્વરૂપનું જ્ઞાન થાય છે.

(૬) '**ણં**'ના ઉચ્ચારણથી સદૈવ શ્રીકૃષ્ણની દૃઢ તેમજ અનન્ય ભક્તિનો ભક્તના હૃદયમાં ઉદય થાય છે.

(૭) '**મ**'ના ઉચ્ચારણથી ભગવત્સ્વરૂપનું જ્ઞાન કરાવનાર ગુરુમાં તેમજ વ્રજભક્તોમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે.

(૮) '**મ**'ના ઉચ્ચારણથી શ્રી હરિના સાયુજ્યની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે અષ્ટાક્ષર મંત્ર સર્વસિદ્ધિઓનો દાતા છે. અષ્ટાક્ષર મહામંત્ર હોવાથી જીવને સૌ પ્રથમ ભગવત્ શરણમાં પહોંચાડીને સર્વ દોષોથી મુક્ત કરે છે.

ત્રિવિધ દોષોની મુક્તિનો રાહ

આ મંત્રનું ત્રણ વાર ઉચ્ચારણ કરાવવામાં આવે છે, કેમકે દોષો મુખ્ય ત્રણ પ્રકારના હોય છે:—(૧) કાયિક, (૨) વાચિક અને (૩) માનસિક. જેમ કે કોઈ બ્રહ્મચારી છે. તેણે બ્રહ્મચર્યના પાલનનું વ્રત લઈ રાખ્યું છે. હવે જો કાયાથી શુદ્ધ હોય છતાં એ મનથી ભ્રષ્ટ થઈ ગયો

હોય તો પણ તેના બ્રહ્મચર્ય વ્રતનું ખંડન થયું છે એવું ગણાશે. બ્રહ્મચર્ય વગેરે વ્રતોનું પાલન પણ કાયાથી, મનથી અને વાણીથી કરવામાં આવે છે. આ પ્રમાણે જ ભગવત્સેવામાં પણ ત્રણ પ્રકારના અપરાધો હોય છે. શરીરથી સેવા કરી રહ્યા છીએ પણ આપણું મન સંસારના વિષયોમાં ભમતું હોય તો સેવા પણ પૂર્ણ ગણાતી નથી. વાર્તામાં કાનદાસ શેઠનો એક પ્રસંગ નોંધેલ છે. એક વખતે કાનદાસ શેઠ પ્રભુની સેવા કરી રહ્યા હતા. પ્રભુને શૃંગાર કરાવતા હતા. તે વખતે તેમના મનમાં બીજા વિચારો આવી રહ્યા હતા. એટલામાં કોઈએ ઘરનું બારણું ખખડાવ્યું, 'કેમ, કાનદાસ શેઠ ઘરમાં છે?' નીચે શેઠની પુત્રવધૂ બેઠી–બેઠી કામ કરી રહી હતી. તેણે ત્યાંથી જવાબ આપ્યો કે સસરાજી અત્યારે અહીં નથી, હમણાં જ મોચીને ત્યાં ગયા છે. આથી સ્પષ્ટ થાય છે કે ભગવત્સેવામાં ફક્ત શરીરથી જ કામ ચાલતું નથી પરંતુ મન અને વાણીની પણ સેવામાં અપેક્ષા રહે છે. સેવા ત્યારે જ પ્રેમમયી કહેવાય.

ગોપીઓની પ્રભુમયતા

આજ વાત શ્રી શુકદેવજી 'શ્રીમદ્ ભાગવત'ના રાસપંચાધ્યાયી પ્રસંગમાં ગોપિકાઓની સ્થિતિનું વર્ણન કરતાં કહે છે:

'**तन्मनस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः**" ।

(ભાગવત ૧૦. ૩૦. ૪૪)

જ્યારે તેમની મન, વાણી અને શરીરથી થતી બધી ચેષ્ટાઓ ભગવન્મય થઈ ગઈ ત્યારે જ ગોપિકાઓ ગોપીગીત ગાઈ શકી. જ્યારે સર્વ પ્રકારની અસદ્ વસ્તુઓના સંસર્ગથી માણસ દૂર થઈ જાય છે ત્યારે જ તેના અંતરમાં પૂર્ણ પ્રેમનો ઉદય થાય છે. વિકારહીન અંતરમાં જ ભગવદ્ ભાવનો આવિર્ભાવ થાય છે. વાણીથી નિરન્તર અસદ્ આલાપ કરવામાં આવે તો ચોક્કસ મનમાં વિકાર ઉત્પન્ન થાય જ અને જો વાણીથી સતત ભગવન્નામોચ્ચારણ કરવામાં આવે તો ભગવન્નામોચ્ચારણ કરનારી વ્યક્તિને ભગવન્નામનું વ્યસન થઈ જાય છે. આ પ્રમાણે કાયા, વાચા અને મન ભગવદ્ભક્તિનાં મુખ્ય સાધન છે. અગર જો ગોપિકાઓને કાયાની સાથે મન અને વાણીનો સહયોગ પ્રાપ્ત ન થયો હોત તો તેમને કદાચ સિદ્ધિ પણ મળી શકી ન હોત. આ બધી વસ્તુઓ પર વિચાર કરતાં એ સ્પષ્ટ થાય છે કે જીવથી ખાસ કરીને કાયિક, વાચિક અને માનસિક

આમ ત્રણ જાતના દોષો થાય છે. તે દોષોના નિવારણ માટે અષ્ટાક્ષર મંત્રનું ત્રણ વાર ઉચ્ચારણ કરવામાં આવે છે.

ત્રણવાર અષ્ટાક્ષર મંત્ર બોલ્યા પછી બ્રહ્મસંબંધ-મંત્રનું ઉચ્ચારણ કરવામાં આવે છે. શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રિએ સ્વયં પ્રભુએ પ્રકટ થઈને (ઠકુરાની ઘાટ, ગોકુલમાં) શ્રીમદ્ આચાર્યચરણને આજ્ઞા કરી હતી કે 'આ મંત્ર વડે તમે જે જીવને મને સોંપશો તેનો હું કદાપિ ત્યાગ કરીશ નહિ.'

બ્રહ્મસંબંધ-મહામંત્ર

આમાં મૂળ પંચાક્ષરમંત્ર છે. "હે કૃષ્ણ હું તારો છું" શેષ મંત્ર-ભાગ એ મંત્રનું જ ભાષ્ય છે. આ પંચાક્ષર મંત્રમાં ત્રણ શબ્દો છે. (૧) કૃષ્ણ, (૨) તારો (૩) હું છું. સૌ પહેલાં 'હું છું' શબ્દની વ્યાખ્યા કરવામાં આવી છે. માણસે સર્વપ્રથમ પોતાની જાત પર જ વિચાર કરવો જોઈએ કે હું કેવો છું? અથવા મારી હમણાં શી સ્થિતિ છે? એટલા માટે સર્વ પ્રથમ 'હું છું' શબ્દની વ્યાખ્યા કરવામાં આવી છે.

બ્રહ્મસંબંધનું હાર્દ

જીવ હજારો વર્ષોથી ભગવાનથી વિયુક્ત થઈ ગયો છે. અર્થાત્ જીવ પ્રભુથી અલગ પડી વિયોગ અનુભવે છે.

ઉપનિષદ્‌માં પણ એજ વાત સ્પષ્ટ કરવામાં આવી છે.

स एकाकी न रमते । सः द्वितीयमैच्छत् । तदात्मानं स्वयमकुरुत । एकोऽहं बहु स्याम् । यथाग्नेः क्षुद्रा विस्फुलिंगाः व्युच्चरन्ति । ઇત્યાદિ.
(ઉપનિષદ્)

એટલે કે પહેલાં ફક્ત બ્રહ્મજ હતું. ત્યારબાદ બ્રહ્મની એ ઈચ્છા થઈ કે હું એકથી અનેક રૂપમાં પરિણત થાઉં અથવા શ્રીમદ્‌ભાગવતાનુસાર–

क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते ।
स्वाम्यं तु तत्र कुधियोऽपर ईश कुर्युः ॥

(ભાગવત ૮૦ ૨૨. ૨.)

બ્રહ્મને રમણ કરવાની અથવા ક્રીડા કરવાની ઈચ્છા થઈ ત્યારે ભગવાને ક્રીડા માટે '**तदात्मानं स्वयमकुरुत**' આ જીવ સૃષ્ટિની રચના કરી.

જ્યારે જીવાત્મા ભગવાનમાંથી છુટો પડયો ત્યારે તે સચ્ચિદાનન્દસ્વરૂપ હતો પરંતુ તે માયાથી પ્રભાવિત થઈ ગયો. તેને પ્રાકૃત અન્તઃકરણો (મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર) નું આવરણ પ્રાપ્ત થવાથી તે આત્મજ્ઞાન રહિત દેહજ્ઞાનવાળો થયો અને તેથી જ તેને સાંસારિક બંધન પ્રાપ્ત થયું. તે સર્વ સુખદુઃખોને ભોગવનાર થયો. તે પોતાના સ્વરૂપને ભૂલી ગયો. તે પોતાના સ્વામી પ્રભુને પણ ભૂલી ગયો. આ પ્રમાણે ભગવાનથી વિયોગ પામે કેટલાં વર્ષો પસાર થયાં એ સ્પષ્ટ કરવા માટે "**सहस्त्रपरिवत्सर**" કથન મૂકવામાં આવ્યું છે. અર્થાત્ "હજારો પરિવત્સર."

હજારો વર્ષથી પ્રભુનો વિયોગ

સહસ્ર એટલે કે હજારો પરિવત્સર પસાર થઈ ગયા છે. અહીં 'વર્ષ' શબ્દના સ્થાને જે 'પરિવત્સર' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તેનું કારણ એ છે કે શાસ્ત્રમાં ચાર વત્સરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છેઃ (૧) સંવત્સર (૨) પરિવત્સર, (૩) અનુવત્સર, (૪) ઇડાવત્સર. આ ચારે વત્સરોના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. સંવત્સરનું સ્વરૂપ અગ્નિ છે. પરિવત્સરનું સ્વરૂપ આદિત્ય અર્થાત્ સૂર્ય છે. અનુવત્સરનું સ્વરૂપ વાયુ છે અને ઇડાવત્સરનું સ્વરૂપ ચન્દ્ર છે. આમાં પરિવત્સરનું સ્વરૂપ આદિત્ય કે સૂર્ય છે. જેમ અસંખ્ય એકત્રિત થયેલા સૂર્યો અત્યંત સંતાપકારક હોય છે તે રીતે ભગવાનના વિયોગનો અસંખ્ય વર્ષોનો જે મહાન સમય છે તે પણ કેટલો બધો સંતાપકારી થઈ શકે? 'પરિવત્સર' શબ્દથી આ બધું સ્પષ્ટ થાય છે. એવા સહસ્ર પરિવત્સર 'મીતકાલજાત' એટલે કે જીવ પ્રભુથી વિયુક્ત થયો તે પછી અનન્ત કાળ પસાર થયો છે. તેથી '**कृष्णवियोगजनित**' એટલે કૃષ્ણનો વિયોગ દર્શાવી, વિયોગ કોનો થયો છે? તો સ્પષ્ટ કરે છેઃ આનંદાત્મક, રસાત્મક અથવા શૃંગાર રસાત્મક શ્રીકૃષ્ણનો વિયોગ થયો છે.

સંયોગ અને વિપ્રયોગનો મર્મ

શૃંગાર રસના બે પક્ષ છેઃ સંયોગ અને વિપ્રયોગ. '**तापक्लेश**' શબ્દ વિપ્રયોગનો વાચક છે. અને '**आनंद**' શબ્દ સંયોગનો નિર્દેશ કરે છે. જીવ કહે છે કે 'હે પ્રભુ! આનંદનો મારામાં તિરોભાવ થયો છે. શુદ્ધાદ્વૈત વિચારધારામાં 'વિનાશ'નો સ્વીકાર નથી પરંતુ આવિર્ભાવ-તિરોભાવની સ્થિતિઓ સ્વીકારવામાં આવી છે. વિનાશ એટલે કે ભવિષ્યમાં ફરી કોઈ

પણ વખતે દૃશ્યમાન ન થાય તે. પરંતુ જેમ દીપકને ઢાંકણાથી આચ્છાદિત કરીએ તો તે પ્રકાશ આપતો નથી અને ઢાંકણું ઉપાડી લઇએ ત્યારે ફરી પ્રકાશ આપવા માંડે છે; એ પ્રમાણે જ જીવ ભગવાનનો અંશ છે:

“ममैवांशो जीवलोके जीवभूतः सनातनः”

(ગી. ૧૫. ૭)

આ શ્રીમદ્ ભગવદ્ગીતાના કથન મુજબ અને '**अंशो नाना व्यपदेशात्।**' '**आत्मकृतेः परिणामात्।**” ઈત્યાદિ બ્રહ્મસૂત્રના કથન મુજબ જીવ ભગવાનનો અંશ સિદ્ધ થાય છે. જીવમાં “આનન્દરૂપ ભગવદંશ” વિદ્યમાન છે પણ ભગવદ્-ઈચ્છાથી તે 'આનંદાંશ' તેમાંથી તિરોભાવ થઇ ગયો છે. આ કારણથી જ ભગવાનથી વિયુક્ત થતાં જે વિરહરૂપી તાપક્લેશ હોવો જોઈએ તે તાપક્લેશથી રહિત બનેલો હું એટલે કે જીવાત્મા છું.

ભગવાન કૃષ્ણ શ્રી ગોપીજનવલ્લભને

'કૃષ્ણ, તારો હું છું' એનાં અન્તર્ગત “હું છું”ની વ્યાખ્યા સમજ્યા બાદ હવે “ભગવાન કૃષ્ણ શ્રી ગોપીજનવલ્લભને”માંથી “કૃષ્ણ” શબ્દ પર વિચાર કરીશું. જીવને પોતાના સ્વરૂપનું સારી પેઠે જ્ઞાન થઇ ગયું. હવે જેમના શરણે જીવને જવું છે અથવા જેમને પોતાનું બધું સમર્પિત કરવાનું છે, તે પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કરાવવામાં આવે છે. સૌ પહેલાં માહાત્મ્યજ્ઞાન કરાવતાં કહે છે કે “**भगवते**” હે ભગવાન તારે ચરણે.... ભગવાન્ શબ્દની વ્યાખ્યા કરતાં '**भग**' એટલે શું? તે વિષે કહ્યું છે કે:

ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥

એટલે કે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મો જેમાં પૂર્ણરૂપે વિદ્યમાન હોય તે ભગવાન કહેવાય. સંક્ષેપમાં કહીએ તો જેમાં અપ્રાકૃત, અલૌકિક બધા ધર્મો વિદ્યમાન છે, જેના સ્વરૂપમાં અને લીલાઓમાં પ્રાકૃત ગુણોની ગંધ પણ હોય નહિ; જ્યાં અલૌકિકતા અથવા અપ્રાકૃતતાનું જ દર્શન થાય છે તે ભગવાન કહેવાય છે. પ્રકૃતિથી પર એવા નિત્ય શુદ્ધ પરબ્રહ્મ સાથે આત્મતત્ત્વનો જ સંબંધ થઈ શકે. પ્રાકૃત દૈહિક સંબંધ અસ્થાને છે, એટલે વિશુદ્ધ ભગવદંશ જીવાત્માને

જ અહિં બ્રહ્મસંબંધ કરાવવામાં આવે છે. ભગવાન સાથે સંબંધ થવાથી શો લાભ? તેના ઉત્તરમાં આગળ માહાત્મ્યજ્ઞાન પછી હવે પ્રભુના સ્વરૂપજ્ઞાન વિષે “કૃષ્ણ” શબ્દ મૂકવામાં આવ્યો.

'કૃષ્ણ' એટલે કે–

कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृत्तिवाचकः ।
तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥

'**कृष्**' સદ્વાચક છે અને '**ण**' આનન્દવાચક છે. આમ સદ્ + આનન્દ બન્ને શબ્દોની સંધિ કરીએ તો સદાનન્દ એવો શબ્દ થશે. કૃષ્ણ એટલે કે જે સદાનન્દ અથવા પૂર્ણાનન્દ અથવા રસસ્વરૂપ છે તે. આ સંબંધમાં બ્રહ્મસૂત્રમાં પણ નિરૂપણ કરવામાં આવ્યું છે: **आनन्दमयोऽभ्यासात्।**' ઉપનિષદના આધારે પણ સ્પષ્ટ થાય છે કે “**रसो वै सः रसं ह्येवायं लब्ध्वानन्दी भवति।**” આ સિદ્ધાન્ત મુજબ શ્રી કૃષ્ણ પરમાત્મા પરબ્રહ્મ પૂર્ણરસમય તેમજ આનન્દમય છે.

પુષ્ટિ માર્ગમાં સેવ્ય પ્રભુ

પુષ્ટિ સંપ્રદાયમાં સેવ્ય પ્રભુ કેવા છે? આ વિષે એક ઉદાહરણથી વિચાર કરીએ. જેમ શર્કરારસમાંથી તૈયાર કરેલ પૂતળીને તેના માથા, પગ, પેટ, પીઠ ગમે ત્યાંથી ચાટીએ તો પણ તે મીઠી જ લાગશે તેમ આપણા પ્રભુ પણ '**आनन्दमात्रकरपादमुखोदरादि**' અર્થાત સર્વાંગ મધુર છે. શ્રીમદ્ આચાર્યચરણ મધુરાષ્ટકમાં આજ્ઞા કરે છે કે '**मधुराधिपतेरखिलं मधुरम्**' મધુરતાના અધિપતિ શ્રીકૃષ્ણનું સર્વ મધુર જ છે. મીઠાની ગાંગડી ખાવાથી મીઠાનો ખારો સ્વાદ આવશે અને સાકરનો ટુકડો ખાવાથી સાકરની મીઠાશનો આનંદ મળશે. આ પ્રમાણે રસાત્મક કૃષ્ણને પ્રાપ્ત કરવાથી ભક્તને મધુરતા જ પ્રાપ્ત થશે.

જીવ ને પ્રભુ વચ્ચે સીધો સંબંધ

હવે અહીં બ્રહ્મસંબંધ મંત્ર વડે જીવનો રસાત્મક પરબ્રહ્મ શ્રી કૃષ્ણની સાથે સીધો સંબંધ બાંધવામાં આવે છે અર્થાત્ સ્વયં પૂર્ણપુરુષોત્તમ અને ષોડશકલાયુક્ત શ્રીકૃષ્ણ સાથે જીવનો સંબંધ થાય છે.

કૃષ્ણ જ પૂર્ણાવતારી છે તે શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શ્રીમદ્ ભાગવત દ્વારા સિદ્ધ થઈ ચૂકેલ છે. જો કે ભગવાનના જેટલા અવતારો

આ ભૂતલ પર થઈ ચૂક્યા છે તેઓમાં કોઈ કલાવતાર છે તો કોઈ ગુણાવતાર છે, તો કોઈ વળી અંશાવતાર છે. પરંતુ—

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् ।

(ભાગવત ૧. ૩. ૨૮)

શ્રીમદ્ ભાગવતના આ કથન મુજબ જે પૂર્ણ છે તેને જ પૂર્ણાવતાર કહેવામાં આવે છે. જેમ ચંદ્ર એક જ છે. પ્રતિપદાના દિવસે તે એક કલાયુક્ત હોય છે, દ્વિતીયાના દિવસે તે બે યુક્ત હોય છે પરંતુ જે દિવસે તે પૂર્ણકલાઓ-યુક્ત હોય છે તે દિવસે જ તે પૂર્ણિમાનો ચંદ્ર કહેવાય છે. આ પ્રમાણે નૃસિંહાવતાર ચાર કલાયુક્ત મનાય છે. એટલે કે ભગવાને નૃસિંહાવતારમાં ચાર કલાઓનું જ દર્શન કરાવ્યું છે. શ્રી રામાવતારમાં પંદર કલાઓનું દર્શન કરાવ્યું છે. પરંતુ કૃષ્ણાવતારમાં સોળ કલાઓનું દર્શન પ્રાપ્ત થાય છે.

પૂર્ણાનંદ હરિ શ્રીકૃષ્ણ

ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ અગણિતાનન્દછે. જ્યાં પહોચતાં પહોંચતાં તો વેદોની વાણી પણ કુંઠિત થઈ જાય છે અને ‘**नेति नेति**’ શબ્દનું ઉચ્ચારણ કરે છે. કેમ કે ભગવાનના પૂર્ણ સ્વરૂપનું વર્ણન કરવાની શક્તિ કોઈની પાસે નથી. ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ પૂર્ણ છે, એની સાથે તેઓ સ્વતંત્ર પણ છે તેથી તેઓ લૌકિક કે વૈદિક સર્વ બંધનોથી વિનિર્મુક્ત છે. એથી જ અધમાધમ વ્યક્તિ પણ ભગવાનનું શરણ સ્વીકાર કરીને સ્વજીવનમાં કલ્યાણપ્રાપ્તિ કરી શકે છે. એ વિશ્વાસ માટે અહીં ‘**कृष्णाय**’ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

પુષ્ટિમાં સેવાનો ભાવ

આ ઉપરાંત પુષ્ટિ સંપ્રદાયમાં સેવા બે પ્રકારથી કરવામાં આવે છે : એક વાત્સલ્યભાવથી અને બીજી માધુર્યભાવથી. એટલા માટે શ્રીમદ્ આચાર્યચરણ આજ્ઞા કરે છે. ‘**द्विवार्षिकोऽयं बालकः**’ સામાન્ય વ્યવહારદશામાં પણ સ્ત્રીનો બીજા કરતાં પતિ અને પુત્ર સાથે વિશેષ સંબંધ અને પ્રેમ હોય છે. પુષ્ટિ સંપ્રદાયમાં ભગવત્‌સેવા સ્ત્રી ભાવથી કરવામાં આવે છે. પુરુષભાવથી ભગવત્‌સેવા થાય જ નહિ, કેમકે :—

“ હું ભાવ પું ભાવ ન્યોછાવર કરીને
શ્રી ગિરિધરજીને વરજો હો જી રે... ”

ભક્તકવિ શ્રી દયારામજીના આ કથન મુજબ પુરુષ ભાવના ઉદય સાથે જ આપણામાં એક જાતનો અહંકાર ઉત્પન્ન થાય છે. તેથી જીવે હું ભાવ (અહંભાવ), પું ભાવ (પુરૂષ ભાવ) ત્યજીને એ બધું ગોવર્ધનધરણ-પ્રભુને ચરણે ધરવું જોઇએ.

બીજું એ પણ છે કે જ્યાં પુરુષ ભાવ હોય છે ત્યાં સ્થાયી પ્રેમની શક્યતા ઓછી હોય છે. જ્યારે સ્ત્રી માટે દૈન્ય અને પ્રેમ આ બન્ને સહજ હોય છે. જ્યાં સુધી અહંકારને ત્યજીને દૈન્ય ભાવથી ભગવત્‌સેવા કરવામાં આવતી નથી ત્યાં સુધી માણસના હૃદયમાં પ્રેમાવિર્ભાવ થતો નથી; કેમકે જેના હૃદયમાં કોમલતા છે, સરલતા છે તેના હૃદયમાં જ પ્રેમ સ્થિર થઇને રહેશે. પણ જેના હૃદયમાં કઠોરતા છે, કપટ છે, વાસના છે ત્યાં પ્રેમનો વાસ કેવી રીતે સંભવી શકે? પ્રેમ સરસ છે અને અહંકાર ક્ષાર છે. ક્ષારનો વિશેષ ઉપયોગ કરવાથી જેમ શરીરની સ્નિગ્ધતાનો (સ્નેહાળતાનો) નાશ થાય છે તેમજ હૃદયમાં અહંકારનો આવિર્ભાવ થતાંજ પ્રેમ પણ નષ્ટ થઈ જાય છે. પુરુષભાવમાં સહજ અને સ્વાભાવિક રૂપમાં અહંકાર હોવાથી તે મધુર ભક્તિ માટે વર્જ્ય ગણાય છે. દૈન્ય અને પ્રેમના પોષક સ્ત્રીભાવથી તે લભ્ય છે. સાથે સાથે ભક્તિ નિઃસાધન દૈવી જીવો માટે જ છે.

પુરૂષભાવની મર્યાદા

પુરૂષભાવના આવિર્ભાવની સાથે જ વ્યક્તિમાં પુરુષાર્થની વૃત્તિ પ્રબળ થઇ જાય છે. જ્યારે સ્ત્રી માટે તો બધું તેનો પતિ જ છે. આ સર્વ વસ્તુઓ પર વિચાર કરવાથી સ્પષ્ટ થાય છે કે ભગવત્‌સેવામાં સ્ત્રી ભાવ પરમાવશ્યક છે. અને તે સ્ત્રીભાવ ભક્તિના અનેક પ્રકારોમાંથી વાત્સલ્ય અને માધુર્યભાવનું પ્રાધાન્ય રાખવામાં આવ્યું છે.

વાત્સલ્ય અને માધુર્યનો સંગમ

બન્ને ભાવોની સિદ્ધિ માટે અથવા તેમના બીજારોપણ માટે અહીં બે શબ્દો આપેલા છે. ‘**कृष्णाय श्रीगोपीजनवल्लभाय**’ કૃષ્ણ શબ્દ વાત્સલ્યભાવનો પોષક છે અને શ્રી ગોપીજનવલ્લભ માધુર્યભાવનો પોષક છે અથવા કૃષ્ણ શબ્દ વિપ્રયોગરસનો પોષક છે. અને શ્રી ગોપીજનવલ્લભ

શબ્દ સંયોગરસનો પોષક છે કેમકે આપણા સંપ્રદાયમાં શ્રીશબ્દ સ્વામિનીસૂચક છે. કૃષ્ણ શબ્દની પૂર્વે શ્રી શબ્દનું ઉચ્ચારણ થતું નથી. એનાથી વિપ્રયોગાત્મક ભાવની જ સિદ્ધિ થાય છે. સંયોગની પરમોચ્ચદશા માધુર્યથી જ થાય છે તેથી જ અહીં ગોપીજનવલ્લભ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. કેમકે શ્રીમદ્ ગોપીજનોની માધુર્ય સિદ્ધિમાં સર્વોચ્ચ પરમોચ્ચ દશાજ હતી અને આ માધુર્યભાવ ફક્ત શ્રી ગોપીજનોની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. એથી '**श्रीगोपीजनवल्लभाय**' આ ભગવન્નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભગવત્ સ્વરૂપની વ્યાખ્યા કરીને હવે અહીં '**तव**' શબ્દની અર્થાત્ "તારો" ની વ્યાખ્યા કરવામાં આવે છે. મંત્રમાં '**तव**'ની વ્યાખ્યા કરતાં કહ્યું છે :—

પોતાના સ્વરૂપ તેમજ ભગવાનના સ્વરૂપને જાણ્યા પછી હવે અહંતા-મમતાત્મક સંસારનો નાશ કરવો છે. જ્યાં સુધી સંસારના પદાર્થોમાં આપણી વૃત્તિઓ રહેશે ત્યાં સુધી ભગવદ્‌ભક્તિ થાય જ કેવી રીતે ?

માનવીને જીવનનો 'સાચો રાહ' વિસરાવનાર ચાર અધ્યાસો છે:— (૧) દેહાધ્યાસ, (૨) ઇન્દ્રિયાધ્યાસ, (૩) પ્રાણાધ્યાસ અને (૪) અન્તઃકરણાધ્યાસ : સત્ય વસ્તુનું વિસ્મરણ કરાવી 'અસત્' વસ્તુનું જ્ઞાન કરાવે તે અધ્યાસ કહેવાય છે. દેહાધ્યાસનો વિચાર કરીએ. કોઈ કહે છે, "હું લાંબો છું." કોઈ કહે છે, "હું નાનો છું." કોઈ કહે છે, "હું ઠીંગણો છું." કોઈ કહે છે, "હું જાડો છું." કોઈ કહે છે, "હું દુબળો છું." પણ વાસ્તવમાં આત્મા ન મોટો છે, ન દૂબળો છે, ન લાંબો છે, ન નાનો છે છતાંએ આવું અજ્ઞાન થાય તેને દેહાધ્યાસ કહે છે. સંસારના ઘણાં લોકોને આપણે જોઇએ છીએ તો તેમાં કોઈ કાંણો દેખાય છે, કોઈ આંધળો દેખાય છે, પણ ખરેખર આત્મા ન તો કાણો છે, ન બહેરો છે, ન અપંગ છે, ન આંધળો છે, અને ન મૂંગો છે છતાંએ આ જાતનું અજ્ઞાન થયું તે. તેમજ કોઈ કહે છે, "હું કાળો છું." કોઈ કહે છે, "હું ગોરો છું." તે ઇન્દ્રિયાધ્યાસ કહેવાય છે. તેથી એમાંથી ઉગરવા માટે અજ્ઞાનોત્પત્તિકારક વસ્તુઓનું પણ ભગવચ્ચરણોમાં સમર્પણ કરવામાં આવે છે. અહિં દેહ શબ્દથી પંચતન્માત્રાવાળા પંચમહાભૂતોથી બનેલું આ શરીર. ઇન્દ્રિય એટલે પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય એમ દશ ઇન્દ્રિયો. **प्राणाः**—

પ્રાણાપાનાદિ. અન્તઃકરણઃ-મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર. આ પ્રમાણે સાંખ્યનાં ચોવિસે તત્ત્વોનું તેની વૃત્તિઓ સાથે સમર્પણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ અને તેના ધર્મ વિષે ચર્ચા કરવામાં આવી છે. હવે સાંસારિક મમતાવાળા પદાર્થોના સમર્પણ અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવે છેઃ—'**दाराऽगारपुत्राप्तवित्तेहपराणि**' અર્થાત્ "દારા, ઘર પુત્ર-આપ્ત-ધન-આલોક પરલોક" હવે અહિં 'દારા' એટલે કે સ્ત્રી અને સ્ત્રી બ્રહ્મસંબંધ દીક્ષા લે તો 'દારા' એટલે પુરુષ એવો અર્થ થાય છે. આમ તો જન્મ લેતાની સાથે જ જીવને સંસાર આવૃત્ત કરી લે છે, પણ વિશેષ કરીને લગ્ન થાય તે પછી તો તે પૂરેપૂરો સંસારી થઈ જાય છે.

સંસારનો નશો કેમ ટળે ?

લગ્ન થઈ ગયા પછી માણસને એક જાતનો સંસારનો નશો આવી જાય છે. લગ્ન થતાંની સાથે જ સૌ પ્રથમ પુરુષની સ્ત્રીમાં અને સ્ત્રીની પુરુષમાં મમતા ઉત્પન્ન થાય છે. તેને પણ "દારા" શબ્દ સાથે સમર્પણ કરવામાં આવે છે. હવે સ્ત્રી આવી તો સ્વતંત્ર ઘર જમાવવાની પણ જરૂરત લાગવા માંડી. આવા તૈયાર થયેલા નવા ઘર માટે વિશેષ આસક્તિ ઉત્પન્ન થાય છે. માણસ 'મારું ઘર, મારું ઘર' આમ જ કહેવા લાગે છે. સંસારમાં ઘણું કરીને નવી ચીજોમાં વિશેષ આકર્ષણ જણાય છે. માણસને ઘર પ્રત્યે મમતા જાગે છે તે નિવારવા માટે '**आगार**' શબ્દ દ્વારા 'ઘર' સમર્પણ કરવામાં આવ્યું છે. બે કે ત્રણ વર્ષ બાદ માનવદંપતીને ત્યાં પુત્રનો જન્મ થાય ત્યારે એમને પુત્ર પ્રત્યે મમતા ઉત્પન્ન થાય છે. તેનું પણ '**पुत्र**' શબ્દ વડે સમર્પણ કરવામાં આવે છે, પુત્ર જન્મ પછી આસપાસના સ્વજનો-સગા વહાલાંઓ વધામણી આપવા માટે આવે છે. કોઇ બાળક માટે ભેટ લાવે છે, તો કોઈ મોર, પોપટ વગેરે રમકડાં લાવે છે. તેમની મહેમાનગીરી કરવામાં સમય પસાર થાય છે. તો આમ 'સ્વજનો'માં આસક્તિ જન્મે છે; આ મારા મામા છે. આ મારા કાકા છે, આ મારા માસી છે. તેમનામાંથી આસક્તિભાવ દૂર કરવા માટે કહેવામાં આવ્યું કે ભગવાન્! '**आप्त**'-જનો (સગાવ્હાલાં) પણ તમારા ચરણે સમર્પિત છે.

જીવનમાં ધીમે ધીમે બાળક મોટું થાય છે ત્યારે પિતાને તેને

ભણાવવાની, લગ્ન કરાવવાની ચિંતા જન્મે છે. ત્યારે તે વિચાર કરે છે કે "**द्वितोये नार्जितं धनम्**" થોડું દ્રવ્યોપાર્જન કરીએ તો કામ થાય. હવે તો એકથી બે, બેથી ત્રણ થયા, ત્રણથી ચાર થઇ ગયા અથવા છ થઈ ગયા. આ બધાને નિભાવવાનો ખર્ચ કરવાનો સમય આવ્યો છે. એક કહેવત છે : '**यस्य गेहे टका नास्ति हा हा टक टक टकायते**' એથી હવે બીજી બધી વાતો મૂકીને '**भज कल्दारं भज कल्दारं कल्दारं भज मूढमते**' એમ માની માણસ અર્થોપાર્જનમાં પ્રવૃત્ત થાય છે. એ જીવનમાં ખાવું-પીવું, સૂઈ જવું બધું ભૂલી જઇને-પોતાની બધી ફરજ ભૂલી જઇને, પ્રભુનું પણ વિસ્મરણ કરીને માત્ર દ્રવ્યોપાર્જનમાં જ પોતાનું મન પરોવે છે. તેના માટે ઐહિક-પારલૌકિક બધું ધન જ બને છે. આમ મન ધનમાં આસક્ત થઈ માનવી નારાયણને ભૂલી જઇને તે ભૌતિક લક્ષ્મીની ઉપાસનામાં પ્રવૃત્ત રહે છે. એ આસક્તિના ત્યાગ માટે અહીં મંત્રમાં '**वित्त**' અર્થાત્ ધન શબ્દ આપેલ છે. તેથી '**वित्त**' શબ્દ વડે સર્વ અનર્થોના મૂળ ધનનું પણ પ્રભુ ચરણોમાં સમર્પણ કરવાનો આદેશ છે.

માણસ ખૂબ વેપાર કરીને ધનોપાર્જન કરે, છોકરા-છોકરીઓના લગ્ન વગેરે પણ કરાવે છે. મોટા થઇને છોકરાઓ પણ સમજુ બને છે: એમના વ્યવસાય અને ઉદ્યોગ સારી પેઠે ચાલે છે. એમના પિતા વૃદ્ધ થતાં એમના હાથ-પગ ઢીલા થાય છે, વાળ સફેદ થાય છે, આંખોથી ઝાંખુ દેખાય છે. યમરાજનું તેડું એટલે કે ઘડપણ આવે છે. હવે એને પુણ્ય કરવાની ચિંતા નીપજે છે. પુણ્ય કમાવવા તરફ મમતા થઈ, એથી મંત્રમાં કહેવામાં આવ્યું છે કે 'હે ભગવન્! આ લોક અને પરલોક બંનેમાં પ્રાપ્ત થતાં પાપ અને પુણ્યનાં ફળ પણ તમારા ચરણોમાં સમર્પિત છે.'

અહિં પ્રશ્ન થાય છે કે પાપનું તો ભગવાનના ચરણોમાં સમર્પણ ઉચિત કહેવાય પણ પુણ્યનું સમર્પણ શા માટે કરવામાં આવે છે, કારણ કે તે તો કામમાં આવે એવી વસ્તુ છે. આનો જવાબ એ છે કે, જો પાપ સિવાય પુણ્ય પણ અમારૂં શેષ રહે તો તેના ઉપભોગ માટે આ લોકમાં પુનર્જન્મ ગ્રહણ કરવો પડે અને તેથી ભગવાનને મળવામાં ફરી વિલંબ થવાની શક્યતા ઉભી થાય છે. એથી અહીં આચાર્યશ્રીના કથન મુજબ જેમ અન્તર્ગૃહગતા ગોપીજનોએ પાપપુણ્યથી મુક્ત થઇ ભગવત્સાયુજ્યની પ્રાપ્તિ કરી હતી :

'कोटिब्राह्मकल्पेषु कुम्भिपाकादिनरकेषु यावत् दुःखं भवेत् तावद् दुःखं भगवद्विरहे क्षणमात्रेण जातम्। कोटिब्राह्मकल्पेषु स्वर्गादिलोकेषु यावत्सुखमनुभूयते तावत् सुख भगवदाश्लेषे क्षणमात्रेणैवानुभूतम्।

(श्रीमद् भागवतरासपंचाध्यायी अ. १ सुबोधिनी)

તેમ આ કથન મુજબ ભગવદ્-વિરહની અનુભૂતિ થતાં જ ભક્ત પાપ રહિત થઇ જાય છે. ભગવદ્ ધ્યાનમાં એક ક્ષણના સંયોગસુખથી પુણ્યકર્મોનો નાશ થાય છે. આ પ્રમાણે ભગવત્ પ્રાપ્તિમાં વિલંબ થાય નહિ તે માટે કહ્યું છે: '**इहपराणि**' આ લોક અને પરલોક બન્નેનું હું સમર્પણ કરૂં છું.

આત્મસમર્પણ

તમે બધું ભગવત્ ચરણોમાં સમર્પિત કરી દીધું છે. હવે તમારે શું કરવાનું? આ પ્રશ્નના જવાબમાં કહેવામાં આવ્યું '**आत्मना सह समर्पयामि**' અર્થાત્ આત્મા સહ સમર્પણ કરૂં છું. એટલે કે હું પોતે ભગવાનનો જ છું. મારા ઉપર પણ મારો અધિકાર નથી, ફક્ત શ્રીકૃષ્ણનો જ છે. અહીં આત્મસમર્પણ કરીને જીવ પૂર્ણ રૂપથી ભગવાનનું દાસત્વ સ્વીકારે છે. શ્રીમદ્ ભાગવતના સપ્તમ સ્કંધમાં પ્રહ્લાદજી **श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्। अर्चनं वन्दनं दास्य सख्यमात्मनिवेदनम्॥** આ નવધા ભક્તિના પ્રકાર દર્શાવતાં અહિં "**आत्मनिवेदनम्**" કથન દ્વારા એ જ આત્મસમર્પણનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. પ્રહ્લાદજીના આ કથન વડે પણ આ વાત સિદ્ધ થાય છે કે આત્મનિવેદનના અભાવે ભક્તિ સિદ્ધ થતી નથી. કેમ કે જ્યાં સુધી તદીયત્વની સિદ્ધિ નથી ત્યાં સુધી સ્વીયત્વની પણ સિદ્ધિ થતી નથી અને આત્મનિવેદનથી જ જીવને તદીયત્વની પ્રાપ્તિ થાય છે. સર્વાંગરૂપથી આત્મસમર્પણ સાથેની શરણાગતિ જ જીવને ભગવત્ પ્રાપ્તિ કરાવે છે. સર્વ વસ્તુઓ પરથી મમતા-મોહ દૂર થયા પછી પણ જો પોતાના આત્મામાં મમતા બચી રહી અથવા આત્મા પરથી આપણો અધિકાર ન ગયો હોય તો આપણા સેવકભાવમાં એક જાતની ઉણપ જ કહેવાય. સર્વ વસ્તુઓનો ભગવાન સાથે સંબંધ કરાવ્યો પણ જો આત્માનો સંબંધ કરાવવામાં ન આવ્યો તો આત્મા એકલો શું કરશે? તેને પણ ભગવાનથી વિખૂટો કેમ રખાય? અન્ય તો માત્ર સંબંધ માત્રથી છે. પણ મૂલ તત્ત્વ તો આત્મા જ છે. દેહ

પ્રાણેન્દ્રિયાદિ તથા સ્ત્રીગૃહપુત્રાદિ તો આત્માના શરીરમાં સંબંધને કારણે છે તેથી મૂલનું સમર્પણ કરવામાં આવે તો પૂર્વે કહેલા તમામ વાક્યો વ્યર્થ જાય. તેનું પણ ભગવાનના ચરણોમાં સમર્પણ કરો જેથી તમે સર્વ પ્રકારની ઉપાધિઓથી મુકત થઈ જાઓ. તેથી જ અંતમાં '**आत्मना सह समर्पयामि**' "આત્મા સાથે સમર્પણ કરૂં છું." એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે કે હું સર્વ વસ્તુઓ સાથે આત્માનું પણ સમર્પણ કરું છું.

"દાસોહં"ની ભાવના

હવે કોઈ સમર્પિત થયેલ વ્યક્તિને પૂછો કે 'ભાઈ! તમોએ બધું સમર્પિત કરી દીધું. તમારા પર પણ તમારો અધિકાર રહ્યો નહિ, તો પછી તમે હવે અત્યારે કઈ સ્થિતિમાં છો?'

આ પ્રશ્નના ઉત્તરમાં તેણે કહ્યું: '**दासोऽहम्**' હું ભગવાનનો દાસ છું. હું પ્રભુનો સેવક છું. પ્રભુ મારા સ્વામી છે.

ઘણા લોકો '**सोऽहम्**' શબ્દનું ઉચ્ચારણ કરે છે. તેઓ કહે છે '**अहं ब्रह्मास्मि**' 'હું જ બ્રહ્મ છું.' તે જે છે તે હું જ છું. આ વિષય પર શ્રીમદ્ વલ્લભાચાર્યશ્રીએ વિચાર કર્યો કે '**सोऽहम्**' શબ્દ તો જીવમાં અહંવૃત્તિને ઉત્પન્ન કરશે, અને સર્વના સ્વામી શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા માટે તો ફક્ત દૈન્ય ભાવ જ પરમ આવશ્યક છે. '**अहं**' તો આમાં બાધકરૂપ ગણાશે. જ્યાં અહંભાવ આવ્યો કે સેવકનો સેવાધર્મ પણ નાશ પામે છે. એથી '**सोऽहम्**' શબ્દની પૂર્વે એક "**दा**" અક્ષર મૂકી દીધો જેથી શબ્દ બન્યો "**दासोऽहम्!**" '**सोऽहम्**'ના સ્થાને આચાર્યશ્રીએ "**दासोऽहम्**" પ્રયોગ કર્યો. '**सोऽहम्**"થી નહીં પણ "**दासोऽहम्**"થી જ પરમપદ પ્રાપ્તિ અને ભગવત્ પ્રેમ સંપાદિત કરી શકાય એમ શ્રીમદ્ આચાર્યશ્રીનો આદેશ છે.

શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધમાં વૃત્રાસુર પોતાના પરમ ધર્મ વિષે કહે છે:–

> **अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः ।**
> **मनः स्मरेतासुपतेर्गुणांस्ते गृणीत वाक् कर्म करोतु कायः ॥**
>
> (ભાગવત. ૬. ૧૧. ૨૪)

અર્થાત્–હે પ્રભુ, તારા ચરણોના આશ્રિત તારા દાસનો પણ હું દાસ થાઉં. મારા મન, વાણી ને કાયા તારૂં સ્મરણ કીર્તન અને સેવન કરે. ગમે તે સ્થિતિમાં જ્યાં જીવમાંથી દૈન્યભાવ અદ્રશ્ય થયો અને અહંભાવ ઉત્પન્ન થયો કે તરત જ જીવનો દાસત્વ ભાવ કે જીવનું સેવકપણું નાશ પામે છે, પણ જ્યાં પૂર્ણરૂપથી દાસ્યભાવ વિદ્યમાન છે ત્યાં ભક્ત પોતાની ભક્તિનું પરમ ફળ ચોક્કસ પ્રાપ્ત કરે છે. એટલે કે તેને ભગવત્ સ્વરૂપની પ્રાપ્તિ નિશ્ચિંત રૂપમાં થાય જ છે.

હે કૃષ્ણ હું તારો જ છું!

જીવ ભગવાનની પાસે બધું સમર્પિત કરી દે છે અને તે પછી સર્વ પદાર્થો પર પ્રભુનો જ અધિકાર જાણીને પોતાના સ્વામિત્વનો ત્યાગ કરીને, પોતાની જાતને પણ ભગવાનનો દાસ માને છે અને કહે છે "હે કૃષ્ણ હું તારો છું." આત્મસમર્પણ, અથવા સર્વસ્વસમર્પણના દસ્તાવેજ પર નીચે દસ્તખત કરવામાં આવ્યા "હે કૃષ્ણ હું તારો છું." એ શબ્દોથી મમત્વ અહંત્વના અભાવે જીવમાં હવે તદીયત્વની ભાવના જાગ્રત થઈ. આ વિષે એક ભાવપૂર્ણ પદ છે:—

જબ મૈં થા તબ હરિ નહીં,
અબ હરિ હૈ મૈં નાહિં ।
પ્રેમ ગલી અતિ સાંકરી
તામેં દો ન સમાહિં ॥

પ્રેમથી જ પ્રભુ રીઝે

પ્રભુમાર્ગનો એક સિદ્ધાંત છે કે જ્યારે કોઇને પોતાનો બનાવવો હોય તો પહેલાં તમે તેના થઈ જાઓ. જ્યાં સુધી તમે બીજાના થશો નહીં ત્યાં સુધી તે તમારો કેવી રીતે થાય? જ્યારે તમે પ્રેમથી, હૃદયની સાચી ભાવનાથી તેના થઈ જશો તો પ્રેમમાં એક પ્રકારની આકર્ષવાની જે તાકાત છે તે સામેની વ્યક્તિને આકર્ષીને તમારી પાસે લઈ આવશે, કેમ કે પ્રેમ આકર્ષણ–પ્રધાન છે. જો કોઈપણ જાતના સ્વાર્થ ભાવથી પ્રેરાઇને માણસના હૃદયમાં બીજાના માટે ભાવના ઉત્પન્ન થાય તો તેને વાસના કહેવામાં આવે છે, પણ જો શુદ્ધ આકર્ષણના આધારે જ હૃદય આકર્ષિત થાય છે તો તે પ્રેમ કહેવાય છે. એવાજ પ્રેમથી પ્રભુની કૃપા

પ્રાપ્ત થાય છે. પ્રભુ પ્રેમથીજ પ્રસન્ન થાય છે, બીજા કોઈ ઉપાયથી નહીં. પરમ ભગવદીય શ્રી ગોવિંદ સ્વામી પોતાના કીર્તનમાં લખે છે :—

" પ્રીતમ પ્રીત હી સોં પૈયે ।
યદ્યપિ રૂપ ગુણ શીલ સુઘરતા,
ઈન બાતન ન રિઝૈ
સત્કુલ જન્મ કર્મ શુભલક્ષણ
વેદ પુરાણ પઢૈયે ।
"ગોવિંદ પ્રભુ" બિન સ્નેહ
સુવાલો રસના કહા નચૈયે ।।

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. P 456

પિતાને વિનયથી, પુત્રને સ્નેહથી અને પ્રિયતમને પ્રેમથી જ રીઝવી શકાય. વાસનામાં આડંબર હોય છે અને પ્રેમમાં સ્વીયત્વ હોય છે. સ્વીયત્વની પ્રાપ્તિ માટે તદીયભાવના સર્વથા આવશ્યક છે. આ પ્રમાણે ભગવાનને પણ પોતાના બનાવવા માટે પહેલાં તમે જાતે તેમના થઈ જાઓ. જો એકવાર તમે તેમના થઈ જશો તો પછી "**मयि ते तेषु चाप्यहम्**" અર્થાત્ 'મારામાં તે અને તેમાં હું'ની સ્થિતિ પ્રાપ્ત થશે. જ્યાં સુધી પ્રભુએ આપણો સ્વીકાર કર્યો નથી ત્યાં સુધી તો આપણી સ્થિતિ ડામાડોળ જ રહેશે: પરંતુ જ્યારે પ્રભુ આપણને અંગીકૃત કરી લેશે ત્યારે વિશ્વમાં એવી કોઈ તાકાત નથી કે જે આપણું કંઇ પણ અનિષ્ટ કરી શકે. જે તદીય થઇને ભગવાનના ચરણોની છત્રછાયામાં રહે છે તેને કોઈપણ જાતનો સંતાપ હોતો નથી. તડકામાં હતા ત્યાં સુધી આપણે તાપની અનુભૂતિ કરતા હતા પણ છાયડામાં આશ્રય ગ્રહણ કર્યા પછી તાપ ક્યાંથી હોય? ભગવદીયજનો એજ વાતનું સમર્થન કરતાં કહે છે :

"**छायाहित अकुलाय गदाधर तक्यो चरणको मूल ।**"

સંસાર સાગર કેવી રીતે પાર કરશો ?

શ્રીમદ્ આચાર્યશ્રી પણ આસુરવ્યામોહલીલાના સમયે આપેલ ઉપદેશ 'શિક્ષાશ્લોકી'માં એજ આજ્ઞા કરે છે :

**यदा बहिर्मुखा यूयं भविष्यथ कथञ्चन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत ।
सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम ॥**

એટલે કે સંસાર એક પ્રકારનો સાગર છે, જેમાં ઘણી જાતના કામ ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય, હિંસા, અસત્ય, ભોગવૃત્તિ, અહંતા, મમતા, અભિમાન વગેરે મગરમચ્છો રહે છે. જ્યાં જીવ તદીયતા અથવા શરણાગતિરૂપ નૌકામાંથી બહાર થયો એટલે કે બહિર્મુખ થયો કે તરત જ આ કાળરૂપી મગરમચ્છો તેને ગળી જશે. જીવના એકલામાં આટલી શક્તિ નથી કે તે એકલો આટલા વિશાળ સંસારસાગરને તરી શકે ? પણ—

**तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥**

(ભ. ગી. ૧૨. ૭)

આ શ્રીમદ્ ભગવદ્ ગીતાના કથન મુજબ ફક્ત પ્રભુની શરણાગતિથી જ સંસારસાગરને પાર કરી શકાય તેમ છે. શ્રીનાથજીના સ્વરૂપના દર્શન કરવાથી સ્પષ્ટ થાય છે કે શ્રીનાથજી પોતાના વામ શ્રીહસ્તને ઉંચો કરીને દૈવી જીવોનું આહ્વાહન કરતાં કહે છે :

**तस्मान्मच्छरणं गोष्टं मन्नाथं मत्परिग्रहम् ।
गोपाये स्वात्मयोगेन सोऽयं मे व्रत आहितः ॥**

(ભાગવત. ૧૦. ૨૫. ૧૮)

બીજો શ્રીહસ્ત કટિ પર મૂકીને સૂચિત કરે છે કે 'જો તમે મારા શરણે આવશો તો આ ભવસાગર તમારા માટે કટિ પર્યંત થઈ જશે' ભવસાગરને તરી જવું એ આપણા માટે અશક્ય કાર્ય છે, એથી પોતાનો ભાર ભગવાનને સોંપીને કહેવું કે 'ભગવન્! હું તમારો જ છું. હવે તમે જે ઇચ્છો તે કરી શકો છો. અમને નિશ્ચિતરૂપમાં એ વિશ્વાસ છે કે તમે અમારૂં સારૂં જ કરશો.' આ શ્રદ્ધા સાથે આપણે કહીએ છીએ કે, "હે કૃષ્ણ, હું તારો છું. આપની સમક્ષ હું આટલું જ કહી શકું છું કે 'હું આપનો છું.' બસ હું આટલું જ કહી શકું છું. વધારે કંઈ કહેવા માટે વાણી નથી." આ પ્રકારે આત્મનિવેદન બ્રહ્મસંબંધ મંત્રનું સંક્ષિપ્ત વિવેચન અહિં સંપૂર્ણ થાય છે.

PH56

પૂ. ગો. ૧૦૮ શ્રી **મથુરેશ્વરજી મહોદય** પ્રસ્થાપિત અને સંચાલિત " **શ્રીવલ્લભ પ્રીતિ સેવા સમાજ** " દ્વારા પ્રકાશિત અને હાલ પ્રાપ્ત પુસ્તકો—

પ્રાપ્તિ સ્થાન—મંત્રી, શ્રી વલ્લભ પ્રીતિ સેવા સમાજ,
શ્રીનાથજી મંદિર, દેસાઇ શેરી,
ઘડિયાળી પોળ, વડોદરા-૩૯૦ ૦૦૧.

(૧) **સારો સ્વાધ્યાય ભાગ-૧** સંપાદક-વે. શા. સં.
શ્રીમદનલાલજી જોષી શાસ્ત્રી
મૂલ્ય-રૂ. ૧=૨૫

(૨) પુષ્ટિબોધ ભાગ-૧ સંપાદક-ગોવર્ધનદાસ ચુ. શાહ
મૂલ્ય-રૂ. ૨=૦૦

(૩) વૈષ્ણવ બોધવાર્તા-સંપાદક : નંદકિશોર અ. ખંધડિયા
મૂલ્ય રૂ. ૨=૦૦

(૪) યમુનાષ્ટકમ્-સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ
મૂલ્ય રૂ. ૪=૦૦

શ્રીવલ્લભ વચનામૃતસંગ્રહ (કાયમી કેલેન્ડર)

સંગ્રહકર્તા- પૂ. ગો. ચંદ્રગોપાલજી મહોદય

ન્યોછાવર રૂ. ૧૦-૦૦/બુક પોષ્ટથી રૂ. ૧૨-૦૦/રજીસ્ટર્ડ પોષ્ટથી રૂ. ૧૫)/વૈષ્ણવમાત્રને પોતાના આ જન્મના કરવાના કર્તવ્ય જે શ્રી મહાપ્રભુજીએ અનેક ગ્રન્થોમાં બતાવ્યા છે તે શ્લોક, અને તેનો ભાવાર્થ ૧ થી ૩૧ તારીખમાં ૩૧ કણિકાઓ દ્વારા આપવાનો પ્રયાસ કર્યો છે. વધુમાં નવનિધિઓ, શ્રીયમુનાજી, શ્રી ગિરિરાજજી, શ્રીમહાપ્રભુજી, શ્રી ગોપીનાથજી શ્રી ગુસાંઈજી; સાત બાળકો, શ્રી હરિરાયજી, શ્રી પુરૂષોત્તમજી (લેખવાળા) અને અષ્ટસખા મળી કુલ ૩૦ સુંદર ચિત્રજી તે નિત્ય દર્શનાર્થે પ્રકાશન કરેલ છે. દરેક વૈષ્ણવોએ વસાવી પોતાના દિવાનખંડને સુશોભિત કરવું જોઇએ.

પ્રકાશક/પ્રાપ્તિસ્થાન :

યમુના એન્ટરપ્રાઇઝ
૧૨, લક્ષ્મી એસ્ટેટ, જલારામમાર્ગ, વડોદરા-૩૯૦ ૦૧૮
ફોન : ૫૫૭૧૨૭